


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 02 | AD - 2024, Bhadarva Vad - ((0 | Wednesday, Dt.02-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## જમ્મુ અને કાશ્મીરમાં અંતિમ તબક્કાનું ૬૬ ટકા મતદાન

શ્રીનગર,તા.૦૧

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કામાં ૪૦ વિધાનસભા બેઠકો પર મતદાન શાંતિપૂર્ણ સંપન્ન થયું હતું. એકંદરે ૬૬ ટકા જેટલું મતદાન થયું છે. મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ૪૧૫ ઉમેદવારોના ભાવિનો નિર્ણય ઈવીએમમાં સીલ કર્યો છે. આ તબક્કાની ચૂંટણીમાં બે પૂર્વ નાયબ મુખ્યમંત્રી તારા ચંદ અને મુઝફ્ફર બેગ મેદાનમાં હતાં. ચૂંટણીના આ તબક્કાની મહત્વની વિશેષતાઓ પશ્ચિમ પાકિસ્તાની શરણાર્થીઓ, વાલ્મિકી સમાજ અને ગોરખા સમુદાયની ભાગીદારી રહી હતી.

પશ્ચિમ પાકિસ્તાની શરણાર્થીએ કહ્યું કે, ૭૫ વર્ષ પછી અમને પહેલીવાર જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરવાની તક મળી છે. અમે સરકારનો આભાર માનીએ છીએ અને આપણે બધા ઉજવણી કરી રહ્યા છીએ. પશ્ચિમ પાકિસ્તાની શરણાર્થીએ કહ્યું કે, પશ્ચિમ પાકિસ્તાની શરણાર્થી સમુદાયના લોકોએ અગાઉ ક્યારેય તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો નથી. આ અમને વડાપ્રધાન મોદીએ આપેલી ભેટ છે.






# બગસરા તાલુકા પટેલ સમાજનાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો

બગસરા, તા.૦૧

શ્રી સરદાર પટેલ સોશ્યલ ગૃપ, તાલુકા સંગઠન-બગસરા દ્વારા બગસરા તાલુકાના લેઉવા પટેલ સમાજનાં તેજસ્વી તારલાઓનો ૨૮મો સન્માન સમારંભ તા.૨૨ ને રવિવારનાં રોજ બગસરા ગોકુલપરા પટેલ વાડી ખાતે યોજાયો હતો. જેમાં સમારંભનાં અધ્યક્ષપદે અમદાવાદનાં મહાવીર ગૃપના અગ્રણી બિલ્ડર મથુરભાઈ કોટડીયા, ઉદ્દ્ઘાટક તરીકે દેવજીભાઈ સોજીત્રા, સંજયભાઈ શિંગાળા, પ્રકાશભાઈ વી. શિંગાળા તેમજ મુખ્ય મહેમાનો હિરેનભાઈ હિરપરા, વસંતભાઈ મોવલીયા, મનુભાઈ દેસાઈ, રમેશભાઈ સુવાગીયા, એ.વી. રીબડીયા, પ્રદિપભાઈ ભાખર, ચંદુભાઈ વાગડીયા, છગનભાઈ હિરાણી, અનીલભાઈ વેકરીયા, મહેશભાઈ શિરોયા વગેરે ઉપસ્થિત રહેલ. તેમજ મુખ્ય વકતા





તરીકે શૈલેષભાઈ સગપરીયા દ્વારા ખુબ જ સુંદર અને ધારદાર વકતવ્ય આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં સમાજનાં અગ્રણીઓ, શહેરીજનો તેમજ તાલુકાભરનાં જ્ઞાતિજનો તથા વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ સમયને અનુલક્ષીને શિક્ષણ બાબતે તથા સમાજની જરૂરીયાત બાબતે સચોટ વાતો કરી હતી.

આ તકે ધો.પ થી અનુસ્નાતક સુધીના વિદ્યાર્થીઓનું તદઉપરાંત ડોકટર, એન્જીનિયર વિગેરે વિશિષ્ટ લાયકાતવાળા તાલુકાનાં વિદ્યાર્થીઓનું મોમેન્ટો તથા ઈનામ આપી ખાસ સન્માન કરવામાં આવેલ. વિશેષમાં આ કાર્યક્રમમાં હિંમતભાઈ વાગડીયા, તથા વર્ષાબેન ભાવેશભાઈ રૈયાણીને કૃષિ તથા પશુપાલન કરવા બદલ શ્રેષ્ઠ કિસાનરત્ન એવોર્ડ આપવામાં આવેલ. તદઉપરાંત ડો.અલ્પેશ જે. કિકાણી(કેન્સર સ્પેશ્યાલીસ્ટ), શાશ્વત હોસ્પિટલ-રાજકોટ તેમજ દેવચંદભાઈ સાવલીયાનું આ તકે તેઓને સેવાકિય પ્રવૃત્તિ બદલ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાન ઉદ્દ્ઘોષક પ્રવિણભાઈ આસોદરીયા તથા ગૃપનાં પ્રમુખ પ્રદિપભાઈ નાકરાણીએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી સરદાર પટેલ સોશ્યલ ગૃપ, તાલુકા સંગઠન-બગસરા તથા શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી.-બગસરા દ્વારા સતત જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# બગસરા નગરપાલિકા દ્વારા જ સ્વચ્છતા અભિયાનનો કરાયો ઉલાળીયો

**પાલિકાને માત્ર ફોટોસેશન કરાવવામાં જ રસ**

બગસરા, તા.૦૧

રાજય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવાનાં અભિયાન નીચે સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જો કે, બગસરા નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હિ



તસવીર : હાર્દિક બામટા

સેવાનાં અભિયાનનો ઉલાળીયો કરવામાં આવી રહ્યો છે. તંત્ર દ્વારા લોકોને જાગૃત કરવા માટે નાટક કરવામાં આવી રહ્યા છે. જયારે બગસરા પાલિકા દ્વારા સ્વચ્છતાનું ખોટું નાટક કરી માત્ર ફોટોસેશન કરવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા અંગેનાં ભીંતસૂત્રોની પાસે જ ગંદકીનાં ગંજ ખડકાયેલા હોય સ્વચ્છતા અભિયાનનો ઉલાળીયો થઈ રહ્યો છે. સ્વચ્છતા બાબતે પાલિકાની નીતિથી શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે.

# અમરેલીમાં સાહિત્યિક સંસ્થા દ્વારા કવિ હર્ષદ ચંદારાણાને ભાવાંજલિ અર્પણ કરાઈ

અમરેલી,તા.૦૧

અમરેલીના મૂર્ધન્ય કવિ હર્ષદભાઈ ચંદારાણાને અમરેલીના બાલભવન ખાતે વિવિધ સાહિત્યિક સંસ્થાઓ દ્વારા ભાવાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં દિવંગત કવિ હર્ષદ ચંદારાણાનાં ધર્મપત્ની રોહિણીબેન તથા તેમના પૂત્ર આકાશ ચંદારાણા દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવેલ.



આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, બાલભવનના ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, નારણભાઈ ડોબરીયા, સહકારી આગેવાન અનિલ વેકરીયા, કવિઓ ઉમેશ જોશી, હરજીવન દાફડા, શિવજી રૂખડા, ચંદ્રહાસ બસિયા, ડો. કાલિન્દી પરીખ, ડો. વિનોદ રાવળ, મુકેશ જોષી, મુકેશ જોગી, ગોપાલ ધકાણ, ધર્મેશ ઉનાગર, જહાંગીરભાઈ, અરવિંદ દવે વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યુ હતું કે, કવિ હર્ષદભાઈ ચંદારાણા એ અમરેલી જિલ્લાનું ઘરેણુ છે. તેની કાયમી સ્મૃતિ જળવાય તે માટે કંઈક કરવાનું સૂચન કરેલ હતું.

# ધારીના હેમરાજિયા નદીના પુલ પાસે કાર-બાઈકનો અકસ્માત

ધારી,તા.૦૧

ધારીના હેમરાજિયા નદીના પુલ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માતની ઘટના બનવા પામી હતી. ધારી-અમરેલી રોડ પર હેમરાજિયા નદીના પુલ પાસે બપોરના સમયે કાર અને એકટીવા બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતમાં બાઈકચાલકનો ઈજા થઈ હોવાથી તાત્કાલિક તેમને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતા લોકોના ટોળે-ટોળા


તસવીર : સંજય વાળા

ઘટનાસ્થળે ઉમટી પડયા હતા.

# જામબરવાળા પ્રા. શાળાનાં શિક્ષકનું શિક્ષણમંત્રીના હસ્તે સન્માન કરાયું

અમરેલી,તા.૦૧

જામબરવાળા પ્રા. શાળાનાં વિજ્ઞાનનાં શિક્ષક ચિરાગભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ તા.૨૧-૨૨/૦૯/૨૦૨૪ ના રોજ



ગિરનાર પબ્લિક સ્કૂલ, જૂનાગઢ મુકામે યોજાયેલ ૧૮ મા ગુજરાત રાજય ગણિત મહોત્સવમાં મેથ્સ ઈનોટીવ મોડલ પ્રેઝન્ટેશન સ્પર્ધામાં કુબાવત ખુશી અને ચૌહાણ તન્વીએ ભાગ લીધો હતો. તેમજ રાજયમાં ૨૨ જિલ્લાઓએ ભાગ લીધેલ હતો. આ વિભાગમાં ૬૦ જેટલા મેથ્સ મોડલનું પ્રેઝન્ટેશન થયુ હતું. જેમાંથી જામબરવાળા પ્રા. શાળાની આ બે બાળાએ પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ તકે તા.૩૦ના રોજ ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, ચલાલા મુકામે યોજાયેલ કાર્યક્રમમાં આ બંને બાળા અને માર્ગદર્શક શિક્ષક ચિરાગભાઈ ગજેરાનું શિક્ષણમંત્રી ડો.કુબેરભાઈ ડિંડોર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

# રાજુલા જાફરાબાદના ઔદ્યોગિક વિસ્તારમાં સફાઈ અભિયાન યોજાયું

અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન વેગવંતુ બન્યું છે. જેમાં રાજુલા-જાફરાબાદ તાલુકામાં ઔદ્યોગિક વિસ્તારમાં સફાઈ હાથ ધરવામાં આવી હતી. રાજુલામાં પીપાવાવ પોર્ટ તથા કોવાયા ખાતેની અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની ઉપરાંત જાફરાબાદ તાલુકાની નર્મદા સિમેન્ટ કંપનીમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ સાથે નાગરિકોએ સ્વચ્છતા માટે સજાગ રહેવા શપથ લીધા હતા. રાજુલા-જાફરાબાદ સબ ડિવિઝનમાં પ્રાંત અધિકારી ડૉ. મેહુલકુમાર બરાસરાના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા હી સેવા અભિયાનને સફળ બનાવવા માટે જરુરી આયોજન કરવામાં આવ્યું છે, તે મુજબ સફાઈ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જાહેર સ્થળોએ સફાઈ ઉપરાંત સ્વચ્છતા માટે વ્યાપક જનજાગૃતિ કેળવાય તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# જિલ્લામાં ૩ મહિલા સહિત ૧૧ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા.૧

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૧૧ સ્થળેથી પીવાનો દેશી દારૂ પકડી પાડ્યો હતો. જેમાં ત્રણ મહિલા પણ સામેલ હતી. પોલીસે કુલ ૩૭ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કરી ધોરણસની કાર્યવાહી કરી હતી. અમરેલીના મોણપર ગામેથી એલસીબી ટીમે એક યુવક પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ જપ્ત કરી હતી. ધારીમાંથી ૬ સહિત જિલ્લામાંથી કુલ ૧૯ ઈસમો કેફી પીણું પીને ફરતાં મળી આવ્યા હતા.















# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નેટબોલ સ્પર્ધામાં સંકુલની ત્રણ વિદ્યાર્થિનીઓએ મેળવી સફળતા

અમરેલી,તા.૦૧

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત કાબરીયા આટ્ર્સ-વઘાસિયા કોમર્સ-ભગત સાયન્સ મહિલા કોલેજની ત્રણ તેજસ્વી વિદ્યાર્થિનીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત નેશનલ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ અમરેલી ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં મોરાસીયા સ્નેહા રમેશભાઈએ નેશનલ વિજેતા, ભુવા માયા હરસુરભાઈએ નેશનલ વિજેતા અને ઝાલા આશા રણજીતભાઈએ નેશનલ વિજેતા તરીકે સફળતા મેળવી છે. આ વર્ષે ૨૦૨૪-૨૫માં યુનિ. નેટબોલ સ્પર્ધામાં સંકુલની આટ્ર્સ-કોમર્સ-સાયન્સ કોલેજની ત્રણ વિદ્યાર્થિનીઓને નેશનલમાં સિલેક્ટ થવા બદલ સ્ટાફ-સ્ટુડન્ટને સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



# શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના હસ્તે ચલાલા મુકામે રક્ષાશક્તિ સ્કૂલનું ઉદ્ઘાટન

**સ્કૂલમાં પ્રથમ વર્ષે ૭૦ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવામાં આવ્યો**

અમરેલી,તા.૦૧

કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય, સંરક્ષણ સેવાઓ, અર્ધ-લશ્કરી સેવાઓ અને પોલીસ સેવાઓમાં કારકિર્દીના ઘડતર માટેના અભિગમ સાથે ઉચ્ચ ગુણવત્તાયુક્ત નિવાસી શાળાઓ શરુ કરવાના ઉદ્દેશ સાથે રાજય સરકાર દ્વારા સામાજિક ભાગીદારી હેઠળ રક્ષા શક્તિ સ્કૂલ્સ શરુ કરવામાં આવી છે. આ કડીના ભાગરુપે ફક્ત વિદ્યાર્થિનીઓ માટેની સૌરાષ્ટ્રની પ્રથમ રક્ષા શક્તિ સ્કૂલનું અમરેલી જિલ્લાના ચલાલા મુકામે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના હસ્તે સોમવારે ઉદ્ઘાટન થયું હતું. યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલમાં પ્રથમ વર્ષે ૭૦ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.





## સંકુલ ફાર્મસી કોલેજ – વેકેન્ટ સીટ પ્રવેશ

પ્રથમ વર્ષ ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૨૪ – ૨૫
વેકેન્ટ સીટ પ્રવેશ માટેનો કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૦૩/૧૦/૨૪ થી ૧૦/૧૦/૨૪ | સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી |
| ૨ | ૧૧/૧૦/૨૦૨૪ | મેરીટ લીસ્ટ નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર પ્રસિદ્ધ |
| ૩ | ૧૪/૧૦/૨૦૨૪ | સંસ્થા ખાતે કાઉન્સીલીંગ વેકેન્ટ એડમીશન પ્રક્રિયા |

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત ★
★ શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા ફાર્મસી મહિલા કોલેજ ★
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ અમરેલી Ad065


# ધારી તાલુકા પત્રકાર એકતા પરિષદના પ્રમુખ તરીકે સંજય વાળાની વરણી

ધારી,તા.૦૧

ધારી તાલુકાના પત્રકાર મિત્રોની એક મિટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રમુખ અને ઉપપ્રમુખની જાહેરાત કરવાની હતી. મિટિંગ અગાઉ કરવામાં આવેલ જાહેરાત મુજબ એકથી વધુ પ્રમુખ તરીકેના દાવેદાર હોય તો ચૂંટણી યોજાવાનું નક્કી કરેલ હતું. પત્રકારોની હાજરીમાં યોજાયેલ આ મિટિંગમાં પત્રકાર સંજય વાળાએ દાવેદારી નોંધાવી હતી જેથી સર્વાનુમતે સંજયભાઈ વાળાને પ્રમુખ તરીકે તેમજ મેહુલભાઈ ત્રિવેદીને ઉપપ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ વરણીને જિલ્લા પત્રકાર એકતા પરિષદના પ્રમુખ સુરેશભાઈ દેસાઈ સહિત ધારીના પત્રકારોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા. આ મિટિંગમાં જીગ્નેશગીરી ગોસાઈ, ટીનાભાઈ લલીયા, કાંતીભાઈ મહાદેવ, બરકતભાઈ ચાવડા, ઉદયભાઈ ચોલેરા, રવેજભાઈ સુમરા, નિલેશભાઈ મહેતા, સરફરાઝભાઈ રાઠોડ, પ્રતાપભાઈ વાળા, હુશેનભાઈ સંધાર, જીતેન્દ્રભાઈ ઠાકર, હનીફ નાડ સહિતના પત્રકાર મિત્રો હાજર રહ્યાં હતા.



તસવીર : સંજય વાળા


જન્મ મરણ અરજી નં. ૧૪૫/૨૦૨૪

**રાજુલાનાં મહે. એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. રાજુલા**

અરજદાર :- માવજીભાઈ દેવશીભાઈ ગુજરીયા,
ધંધો : મજુરી, ઉ.વ. : ૪૮, ધર્મે : હિન્દુ,
રહે. મુ. ચાંચ, તા.રાજુલા, જી.:અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
ગામ : ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામનાં રહીશ શ્રી માવજીભાઈ દેવશીભાઈ ગુજરીયા એ તેમના પિતા દેવશીભાઈ પોલાભાઈ ગુજરીયાનું અવસાન તા.૨૩/૦૫/૧૯૮૨ તથા માતા લક્ષ્મીબેન દેવશીભાઈ ગુજરીયાનું અવસાન તા.૧૫/૧૨/૧૯૮૫ નાં રોજ રાજુલા તાલુકાના ગામે ચાંચ ગામે મરણ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી વકીલ શ્રી એ.બી. શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહું નોટીસ પ્રસિદ્ધ થયા નાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા.૩૦ માહે, સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કા કરીને આપ્યા.

સ્થળ : રાજુલા.
તા. ૩૦/૦૯/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી.
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



**-//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી.નં.૮૬/૨૦૨૪

**અરજદાર** :- શ્રી ચંપાબેન ત્રિકમભાઈ રાખોલીયા
રહે. દેવરાજીયા, તા.જિ.અમરેલી.

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.દેવરાજીયા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દેવરાજીયા ગામના ચંપાબેન ત્રિકમભાઈ રાખોલીયા તેઓના પુત્રી દિપ્તીબેન ત્રિકમભાઈ રાખોલીયા જન્મ તા.૦૧/૦૬/૧૯૭૦ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરાવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો
સહી
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



**મામલતદાર કચેરી અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર
નં.એમએજી/કેસ નં.૫૭/૨૦૨૪ તા.૨૬/૦૯/૨૦૨૪

શ્રી શંભુભાઈ સમજુભાઈ પાંચાણી
રહે. પિયાવા-ગીર, તા. વિસાવદર, ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
પિયાવા-ગીર, તા. વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી શંભુભાઈ સમજુભાઈ પાંચાણી રહે. પિયાવા-ગીર,તા.વિસાવદર એ તેમના બહેન શ્રી પ્રભાબેન સમજુભાઈ પાંચાણીનો જન્મ તા. ૦૪/૦૫/૧૯૬૨ના રોજ વિસાવદર તાલુકાના પિયાવા-ગીર ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પિયાવા-ગીર, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પિયાવા-ગીર, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૬ મી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(એન.બી. લાંઘણોજા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર


## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ. ઠા રવજીભાઈ જમનાદાસભાઇ કાનાણીના પુત્ર વંડા વાળા કિરીટભાઇના ધર્મપત્ની હંસાબેન ૨૯/૯/૨૪ ને રવિવારના ગૌલોક વાસી થયેલ છે. તે ચિંતન કે. કાનાણી તથા નિખીલ કે. કાનાણીના મમ્મી થાય, કાજલબેન કાનાણીના સાસુ થાય, ગારીયાધાર મનીષાબેન કલ્પેશકુમાર સુચકના મમ્મી થાય, અમરેલી તેજલબેન અમિતકુમાર ઠકરારના મમ્મી થાય, સણોસરા લોકભારતી મણીભાઈ ગીરધરભાઇ માધવાણીના દીકરી થાય તેમજ નંદલાલભાઇ, ભુપતભાઇ, હરગોવિંદભાઇ, નટુભાઈના બેન થાય. તેમનું ઉઠમણું 3/૧૦/૨૪ ને ગુરુવાર સમય સાંજે ૪ થી ૬ રાખેલ છે. સ્થળ ગિરીરાજ એપાર્ટમેન્ટ, દેવળા ગેઈટ સાવરકુંડલા, પિયર પક્ષની સાદડી તા. ૦૪ને બુધવારના રોજ સણોસરા હરગોવિંદ માધવાણીના ઘરે રાખેલ છે.

**બગસરા (સાપર)**

સ્વ. કાશીબેન નારણભાઈ ડોબરીયા (ઉ.વ.૮૫)નું તા.૩૦ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તે નારણભાઈ નાનજીભાઈ ડોબરીયાના ધર્મપત્ની તેમજ ડાયાભાઈ શંભુભાઈ તથા દલસુખભાઈના માતૃશ્રી થાય છે.

**રાજુલા**

સ્વ. કાંતિભાઈ લશ્મીશંકર દેસાઈ (ઉ.વ.૯૦)નું તા.૧ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તે હરેશભાઈ દેસાઈ, હિતેશભાઈ દેસાઈ, શૈલેષભાઈ દેસાઈના પિતા અને યોગેશભાઈ દેસાઈ, અનિલભાઈ દેસાઈ, રાકેશભાઈ દેસાઈ, નિખિલભાઈ દેસાઈ, હર્ષદભાઈ દેસાઈના કાકા અને જયશ્રીબેનના પિતા થાય છે.


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેશીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since 1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



પ્રોફેશનલ ફેમિલી સ્પા હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/- | કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665



ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પેંકિંગમાં ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

તંત્રી લેખ

# સુનિતા વિલિયમ્સનું પૃથ્વી પર અવતરણ

સુનિતા વિલિયમ્સ અને તેના સાથીદાર સ્પેસએક્સના યાન દ્વારા અંતરિક્ષમાંથી ધરતી પર અવતરણ કરશે તે હવે નિશ્ચિત થઈ ચૂક્યું છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસ સાથે હવે અવકાશ યાત્રા વધુ સલામત બની રહી છે. આમ છતાં તેમાં જોખમને અવગણી શકાય નહીં. અબજોપતિ ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે શનિવારે બપોરે ફ્લોરિડામાં કેપ કેનાવેરલ લોન્ચ પેડ પરથી તેનું ફાલ્કન ૯ રોકેટ અવકાશમાં મોકલ્યું. ડ્રેગન અવકાશયાનને અવકાશમાં લઈ જનાર રોકેટમાં બે ક્રૂ સભ્યો છે, નાસાના અવકાશયાત્રી નિક હેગ અને રશિયન અવકાશયાત્રી એલેક્ઝાંડર ગોર્બુનોવ સવાર છે. ૫ જૂનથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર ફસાયેલા ભારતીય મૂળના અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બચ વિલ્મોરને ડ્રેગન અવકાશયાન દ્વારા પૃથ્વી પર પાછા લાવવામાં આવશે. આ ચાર સીટર રોકેટમાં બે સીટો ખાલી રહી છે. Falcon ૯ માટે નવા લોન્ચ પેડનો ઉપયોગ કર્યો. જે ક્રૂ મેમ્બર મિશન માટે આ પેડનો પ્રથમ ઉપયોગ હતો. નાસાના ચીફ બિલ નેલ્સને પોતાની પોસ્ટમાં કહ્યું- સફળ પ્રક્ષેપણ માટે નાસા અને અને સ્પેસએક્સને અભિનંદન આપીએ એટલા ઓછા છે. આપણે સૌ તારાઓમાં સંશોધન અને નવીનતાના આકર્ષક યુગમાં જીવીએ છીએ. સુનિતા વિલિયમ્સ અને વિલ્મોરને આ વર્ષે ૫ જૂને બોઈંગની નવી સ્ટારલાઈનર કેપ્સ્યુલમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર મોકલવામાં આવ્યા હતા. બંને ૧૩ જૂનના રોજ પરત ફરવાના હતા, પરંતુ અવકાશયાનમાં ટેક્નિકલ ખામીને કારણે મોકૂફ રાખવામાં આવ્યું હતું. સુનિતા અને વિલ્મોર ૧૧૬ દિવસ સુધી અવકાશમાં રહ્યા. સુનિતા વિલિયમ્સ અને વિલ્મોરને આ વર્ષે ૫ જૂને બોઈંગના નવા સ્ટારલાઈનર કેપ્સ્યૂલમાં ISS મોકલવામાં આવ્યા હતા. બંને ૨૯ સપ્ટેમ્બર સુધી ૧૧૬ દિવસ માટે ત્યાં રહ્યા છે. નાસા ચીફે ૨૪ ઓગસ્ટે કહ્યું હતું કે સુનિતા વિલિયમ્સ અને તેના સાથીદાર મહિના પછી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં પૃથ્વી પર પાછા ફરશે. નાસાએ સ્વીકાર્યું હતું કે બોઈંગની નવી સ્ટારલાઈનર કેપ્સ્યુલમાં અવકાશયાત્રીઓને લાવવા જોખમી બની શકે છે. નાસાએ કહ્યું હતું કે સુનિતા અને વિલ્મોર ફેબ્રુઆરીમાં એલોન મસ્કની કંપની સ્પેસએક્સના ડ્રેગન સ્પેસક્રાફ્ટ દ્વારા પાછા ફરશે. સ્પેસ ફ્લાઈટ્સ જોખમી છે: બિલ નેલ્સને અવકાશ યાત્રાના જોખમો વિશે વાત કરતા કહ્યું કે અવકાશની ઉડાન જોખમી છે, તે સૌથી સુરક્ષિત અને સૌથી ચોક્કસ હોવા છતાં. ટેસ્ટ ફ્લાઈટ્સ સંપૂર્ણપણે સલામત ગણી શકાય નહીં. સુનિતાને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર મૂકવાનો અને ક્રૂ વિના બોઈંગ સ્ટારલાઈનરને પરત કરવાનો નિર્ણય તેમની સુરક્ષા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનું પરિણામ છે. નેલ્સને કહ્યું હતું કે અમે સ્ટારલાઈનરની ડિઝાઈનમાં સુધારો કરવા અને તેમાં ખામીના મૂળ કારણોને સમજવા માગીએ છીએ. આ સાથે, બોઈંગ સ્ટારલાઈનર ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર જવા માટે અમારા ક્રૂનો મહત્વપૂર્ણ ભાગ બની શકશે. સુનિતા અને વિલ્મોરને સ્પેસ સ્ટેશન કેમ મોકલવામાં આવ્યા? સુનિતા અને બચ વિલ્મોર બોઈંગ અને નાસાના સંયુક્ત 'ક્રુ ફ્લાઈટ ટેસ્ટ મિશન' પર ગયા હતા. આમાં સુનિતા અવકાશયાનની પાયલટ હતી. તેમની સાથે આવેલા વિલ્મોર આ મિશનના કમાન્ડર હતા. આ બંને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)માં ૮ દિવસ રોકાયા બાદ પૃથ્વી પર પાછા ફરવાના હતા. પ્રક્ષેપણ સમયે, બોઈંગ ડિફેન્સ, સ્પેસ એન્ડ સિક્યુરિટીના પ્રમુખ અને સીઈઓ ટેડ કોલ્બર્ટે તેને અવકાશ સંશોધનના નવા યુગની શાનદાર શરૂઆત ગણાવી હતી. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ અવકાશયાત્રીઓને સ્પેસ સ્ટેશન પર લઈ જવા અને તેમને પાછા લાવવાની અવકાશયાનની ક્ષમતાને સાબિત કરવાનો હતો. અવકાશયાત્રીઓએ પણ ૮ દિવસમાં સ્પેસ સ્ટેશન પર સંશોધન અને અનેક પ્રયોગો કરવાના હતા.

# શિક્ષણ મંત્રી ડિંડોરે નાના ભમોદ્રા ગામે ખેડૂતના ઘરે ભોજન કર્યું

**પૂર્વ કૃષિ મંત્રી ધીરૂભાઈ દુધવાળા પણ હાજર રહ્યા**



સાવરકુંડલા, તા.૦૧

શિક્ષણ મંત્રી કુબર ડિંડોર તાજેતરમાં અમરેલી જિલ્લાની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન તેમણે પાર્ટીના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા સહિત ઘણા ગામની મુલાકાત પણ લીધી હતી. સાવરકુંડલામાં એક કાર્યક્રમમાં હાજરી આપીને અમરેલી જતી વખતે તેમણે નાના ભમોદ્રા ગામની મુલાકાત લીધી હતી અને ખેડૂત ભરતભાઈ બચુભાઈ શ્યાણીના ઘરે ભોજન લીધું હતું. અહીં રાજ્યના પૂર્વ કૃષિ મંત્રી અને ગામના અગ્રણી ધીરૂભાઈ દુધવાળાએ તેમનું સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે શાંતિલાલ વલ્લભભાઈ શ્યાણી (સંતરામપુર), મયુર ભનુભાઈ ખુંટ (અમદાવાદ), બાબુભાઈ ભુરાભાઈ પીપળીયા, અશોકભાઈ શ્યાણી, ભુપતભાઈ ડોબરીયા, રાજેશભાઈ શ્યાણી સહિત ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલાની યુવતી પર રાજુલામાં સાસરિયાઓએ સિતમ ગુજાર્યો

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલામાં રહેતી એક યુવતીના લગ્ન રાજુલાના યુવક સાથે થયા હતા. લગ્નના થોડા સમય સુધી બધું બરાબર ચાલ્યા બાદ સાસરિયાએ ત્રાસ આપવાનું શરૂ કર્યુ હતું. સાસરિયાના સિતમથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા બાદ પિયર પરત ફરીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સાવરકુંડલામાં રહેતી દીપાલીબેન દીપકકુમાર પરમાર (ઉ.વ.૩૭)એ રાજુલામાં રહેતા દીપકકુમાર ગુણવંતભાઈ પરમાર, ગુણવંતરાય કાળુભાઈ પરમાર તથા જ્યોતિબેન ગુણવંતરાય પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પતિ તથા સાસુ-સસરાએ તેમને શારીરિક-માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં કપાસમાં દવાનો છંટકાવ કરતા ઝેરી અસરથી પ્રૌઢનું મોત

**દવાનો છંટકાવ બની રહ્યો છે જીવલેણ**

રાજુલા, તા.૦૧

અમરેલી જિલ્લામાં હાલ મોસમ પૂરબહારમાં ખીલી છે. લોકો સારા પાક માટે દવાનો છંટકાવ કરી રહ્યા છે. આ દરમિયાના રાજુલામાં ઝેરી દવાનો છંટકાવ કરતાં ખેડૂતને દવાની અસર થતાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં તેનું મોત થયું હતું. બનાવ અંગે ભાવેશભાઈ ભગવાનભાઈ જીંજવાડીયા (ઉ.વ.૩૧)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા ભગવાનભાઈ પોપટભાઈ જીંજવાડીયા (ઉ.વ.૫૫) રાજુલા ગૌશાળા પાસે આવેલી મધુ આતાની ભાગવી રાખેલી વાડીએ કપાસમાં ઝેરી દવાનો છંટકાવ કરતા હતા અને પવનને કારણે ઝેરી દવાની ઝણ ઉડતા ઝેરી દવાની અસર શ્વાસોશ્વાસમાં થતા, મુંજારો તેમજ ઉલ્ટી ઉબકા જેવું થવા લાગતા સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

# શેઢામાં ગાયો નહીં ચરાવવાનું કહેતા આધેડને ઢીકાપાટુનો માર માર્યો

**બાબરાના સુખપર ગામે બનાવ બન્યો**

બાબરા, તા.૦૧

બાબરાના સુખપુર ગામે શેઢામાં ગાયો નહીં ચરાવવાનું કહેતા ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. બનાવ અંગે માવજીભાઈ વશરામભાઈ મકવાણા (ઉ.વ.૫૦)એ વસંતબેન વસ્તાભાઈ મકવાણા, આશાબેન સાગરભાઈ મકવાણા, સાગરભાઈ વસ્તાભાઈ મકવાણા તથા ભરતભાઈ વસ્તાભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે વાડીએ શેઢામાં ગાયો નહીં ચરાવવાનું કહેતા વસંતબેન મકવાણાએ થાય તે કરી લેજો તેમ કહ્યું હતું. આ બાબતે તેમના પત્ની, દીકરાએ સમાધાન બાબતે કુટુંબીભાઈઓને ભેગા કરી સમાધાનની વાત કરતાં સામાવાળાએ ગાળો આપી, લાકડી વડે માર માર્યો હતો તથા ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. બી. પાનસુરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# મહિલા અધ્યાપન મંદિર સાવરકુંડલામાં બ્રેસ્ટ કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૦૧

શ્રી મહિલા અધ્યાપન મંદિર સાવરકુંડલા ખાતે બ્રેસ્ટ કેન્સર જાગૃતિ વિષયક એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લલ્લુભાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટના ડૉ. દીપકભાઈ શેઠ અને આશીર્વાદ ટ્રસ્ટના ગીતાબેન જોશી તથા કેળવણીકાર વિનુભાઈ રાવળે કાર્યક્રમમાં વિશેષ હાજરી આપી હતી. તેમણે આ રોગના લક્ષણો, નિદાન અને સારવાર વિશે મહત્વપૂર્ણ જાણકારી આપી હતી. કાર્યક્રમમાં અધ્યાપન મંદિરના પ્રમુખ, મંત્રી અને મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અધ્યાપન મંદિરના આચાર્ય બાબુભાઈ ચાવડાએ કર્યું હતું. આ પ્રસંગે અધ્યાપન મંદિરના શિક્ષક ડૉ. રવિભાઈ મહેતા, સ્ટાફગણ રેણુકાબેન અને અરુણાબેન હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ ભાવેશભાઈ કાકલોતરે કરી હતી.


# આંબા ગામે વાડીએ વીજ કરંટથી યુવકનું કરૂણ મોત

લીલીયા, તા.૦૧

લીલીયાના આંબા ગામે વાડીએ રહીને મજૂરી કરતાં પરપ્રાંતીય શ્રમિકનું વીજ કરંટ લાગવાથી મોત થયું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના પર્વતપરાના અને હાલ આંબા ગામે કલ્પેશભાઈ મનસુખભાઈ સાવજની વાડીએ રહી મજૂરી કરતાં નગરસિંગ રેવસીંગ પચાવા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, દદુભાઈ રામાભાઈ અમલ્યાર (ઉ.વ.૨૮) ભાગવી રાખેલી વાડીએ આવેલી ઓરડી બહાર સુતા હતા ત્યારે ઈલેક્ટ્રિક પોલમાંથી વીજ કરંટ લાગતાં સારવારમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.આર. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ


| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૮૦ | ૧૬૯૭ |
| ઘઉં લોકવન | ૫૪૧ | ૫૮૨ |
| ઘઉં ટુકડા | ૫૪૫ | ૬૦૭ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૮૦૩ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૩૦ |
| બાજરી | ૪૦૦ | ૪૪૦ |
| તુવેર | ૧૫૬૦ | ૨૧૧૬ |
| ચણા પીળા | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૯૦૦ |
| અડદ | ૧૩૮૫ | ૧૭૧૬ |
| મગ | ૧૩૦૦ | ૧૬૭૪ |
| વાલ દેશી | ૧૩૨૦ | ૨૦૪૦ |
| ચોળી | ૧૩૧૨ | ૩૩૦૧ |
| વટાણા | ૮૦૦ | ૨૦૯૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૬૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૬૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| તલી | ૨૦૫૧ | ૨૬૧૧ |
| સુરજમુખી | ૬૦૩ | ૬૦૩ |
| એરંડા | ૧૧૧૦ | ૧૨૮૨ |
| અજમો | ૧૪૦૦ | ૨૪૩૦ |
| સોયાબીન | ૮૯૦ | ૯૨૨ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૯૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૮૨૮ |
| લસણ | ૪૦૦૦ | ૫૬૫૦ |
| ધાણા | ૧૧૮૫ | ૧૪૪૫ |
| ધાણી | ૧૨૫૦ | ૧૫૫૦ |
| વરીયાળી | ૧૦૮૫ | ૧૩૬૫ |
| જીરૂ | ૪૪૫૦ | ૫૦૮૧ |
| રાય | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મેથી | ૧૦૬૦ | ૧૪૦૦ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૪૧ |
| રજકાનું બી | ૪૩૫૦ | ૫૦૫૦ |
| ગુવારનું બી | ૧૦૩૦ | ૧૦૯૪ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૫૦૦ | ૨૩૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૫૦ |
| ડુંગળી સુકી | ૩૫૦ | ૯૫૦ |
| ટમેટા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૫૦૦ | ૨૫૦૦ |
| મુળા | ૩૩૦ | ૬૨૦ |
| રીંગણા | ૨૫૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૭૫૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૨૨૦ | ૩૫૦ |
| સરગવો | ૬૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૦૦ |
| પરવર | ૭૫૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૫૦ |
| ગાજર | ૩૨૦ | ૫૧૦ |
| કંટોળા | ૯૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૫૦ | ૫૦૦ |
| બીટ | ૨૫૦ | ૫૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૪૫૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૦૦ | ૧૬૮૦ |
| શિંગ મોટી | ૬૯૪ | ૧૧૩૬ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૨૮૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૩૧૯૦ | ૩૯૫૧ |
| બાજરો | ૪૦૦ | ૪૪૯ |
| જુવાર | ૬૦૦ | ૭૬૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૩૭ |
| ઘઉં લોકવન | ૫૫૨ | ૫૮૧ |
| મગ | ૧૦૩૫ | ૧૬૮૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૪૯૭ |
| એરંડા | ૧૧૯૦ | ૧૩૦૮ |
| જીરું | ૪૩૦૦ | ૪૭૧૦ |
| સોયાબીન | ૭૫૦ | ૯૧૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૪૦ | ૫૧૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૨૦ |
| ટામેટા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૨૦૦ | ૩૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૮૦૦ |
| ચોળા શીંગ | ૩૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુદીનો | ૭૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૬૦ |
| મગફળી લીલી | ૬૫૦ | ૭૫૦ |
| લીંબુ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૫૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૨૧ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૮૦ |
| જીરૂ | ૪૧૫૦ | ૫૦૧૫ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૬૧૫ |
| ઘઉં ટુકડા | ૫૫૨ | ૬૨૦ |
| બાજરો | ૪૨૫ | ૫૨૧ |
| ચણા | ૧૨૫૦ | ૧૫૨૨ |
| અડદ | ૧૬૦૧ | ૧૭૦૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૧૪૦ |
| વાલ | ૧૫૫૦ | - |
| ધાણા | ૧૨૯૫ | |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૨૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૯૧ |
| ચણા | ૮૦૦ | ૧૩૫૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૭૦ |
| શિંગ ફાડા | ૮૦૦ | ૯૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૨૫ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૬૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૭૫ | ૧૬૨૫ |
| જીરૂ | ૪૨૨૫ | ૫૦૦૦ |
| ઘઉં | ૪૩૦ | ૫૭૫ |
| અડદ | ૧૧૨૫ | ૧૬૮૦ |
| બાજરો | ૪૦૫ | ૪૫૫ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૬૦૬ |
| ઘઉં લોકવન | ૫૪૨ | ૬૬૧ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૬૧ |
| સિંગદાણા જાડા | ૬૫૦ | ૧૨૦૬ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૧૨૫૧ | ૧૩૦૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૫૦૪૧ |
| વરીયાળી | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૧ |
| લસણ સુકું | ૧૪૯૧ | ૫૧૫૧ |
| ડુંગળી લાલ | ૩૩૧ | ૮૭૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૬૧ |
| મઠ | ૮૫૧ | ૮૫૧ |
| તુવેર | ૧૮૧૧ | ૨૦૧૧ |
| રાય | ૧૩૦૧ | ૧૩૦૧ |
| મેથી | ૧૦૦૧ | ૧૧૭૬ |
| ગુવાર બી | ૧૦૬૧ | ૧૦૬૧ |
| સફેદ ચણા | ૧૪૦૧ | ૨૯૨૧ |
| તલ - તલી | ૨૧૦૦ | ૨૭૪૧ |
| ધાણી | ૯૫૧ | ૧૫૭૧ |
| બાજરો | ૪૧૧ | ૪૭૧ |
| જુવાર | ૪૪૧ | ૮૨૧ |
| મકાઇ | ૬૦૧ | ૬૧૧ |
| મગ | ૧૧૦૧ | ૧૬૪૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૭૬ |
| વાલ | ૪૮૧ | ૧૮૫૧ |
| વાલ પાપડી | ૧૬૨૬ | ૧૬૨૬ |
| ચોળા / ચોળી | ૨૮૫૧ | ૨૮૫૧ |
| સોયાબીન | ૭૫૦ | ૮૯૬ |
| અજમા | ૨૪૫૧ | ૨૪૫૧ |
| ગોગળી | ૫૨૬ | ૯૮૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૫૫ | ૧૪૯૧ |
| મગફળી | ૮૨૫ | ૧૧૧૧ |
| ઘઉં | ૫૭૦ | ૫૭૦ |
| ચણા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| અડદ | ૧૩૦૦ | ૧૪૫૧ |
| એરંડા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| તલ | ૨૩૩૫ | ૨૩૩૫ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૩૦૦ | ૧૪૮૨ |
| જુવાર સફેદ | ૬૮૦ | ૬૮૦ |
| સોયાબીન | ૭૮૬ | ૭૮૬ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૭૦૧ | ૮૬૨ |
| કપાસ | ૯૫૧ | ૧૩૮૦ |
| બાજરો | ૪૧૨ | ૫૩૨ |
| ઘઉ ટુકડા | ૪૩૦ | ૬૨૬ |
| જુવાર | ૭૦૦ | ૮૬૩ |
| મગ | ૧૩૮૧ | ૧૩૮૧ |
| અડદ | ૨૦૦૨ | ૨૦૦૨ |
| મકાઇ | ૪૭૨ | ૫૮૯ |
| ચણા | ૭૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૮૩ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૩૨ |
| ઘઉં લોકવન | ૪૨૯ | ૫૪૦ |
| સોયાબીન | ૮૫૦ | ૮૬૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૩૦૧ | ૧૩૬૫ |
| ધાણા | ૧૧૯૫ | ૧૧૯૫ |
| મગ | ૧૪૦૦ | ૧૪૦૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૯૯ |
| તુવેર | ૧૮૩૯ | ૧૮૧૯ |
| મગફળી | ૮૦૦ | ૮૬૯ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| અડદ | ૧૩૭૫ | ૧૫૭૫ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૮૯૨ | ૧૭૩૭ |
| શીંગ ૩૯ | ૫૫૫ | ૧૧૪૧ |
| શીંગ જી-૨૦ | ૭૦૨ | ૧૦૨૨ |
| એરંડા | ૧૧૪૧ | ૧૨૮૭ |
| જુવાર | ૪૦૦ | ૮૧૨ |
| બાજરી | ૩૫૦ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૬૫૦ |
| ચણા | ૧૨૫૨ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૪૩ |
| તુવેર | ૧૫૧૫ | ૧૫૧૫ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૯૨૫ |
| ડુંગળી સફેદ | ૨૯૭ | ૯૦૧ |
| નાળીયેર | ૬૪૦ | ૨૬૬૦ |
| **કોડીનાર** | | |
| મગફળી | ૮૧૧ | ૧૦૨૫ |
| બાજરી | ૪૨૫ | ૫૧૨ |
| ઘઉં | ૪૫૦ | ૬૨૦ |
| સફેદ તલ | ૨૧૭૦ | ૨૪૭૮ |
| તલ | ૨૧૭૦ | ૨૪૭૮ |
| સોયાબીન | ૮૭૦ | ૯૦૯ |
| અડદ | ૬૦૦ | ૧૭૭૦ |
| મગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૦૮ |





"લાગે તો તીર.." :- અરે બકા, જશોદા માવડી એક જ હતી 06


# ગાંધીજી જીવતા હોત તો કોંગ્રેસનું અસ્તિત્વ ના હોત ?



આજે ગાંધી જયંતિ છે.

ભારતના રાષ્ટ્રપતિ મોહનદાસ કરમચંદ ગાંધી એટલે કે મહાત્મા ગાંધી ગુજરાતના પોરબંદરમાં ૨ ઓક્ટોબર, ૧૮૬૯ના દિવસે જન્મ્યા હતા. ગાંધીજીના જન્મને એ રીતે ૧૫૫ વર્ષ પૂરાં થયાં. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે નાથુરામ વિનાયક ગોડસેએ ગાંધીજીની હત્યા કરી નાંખી હતી. બિરલા મંદિરમાં રોજ સાંજે પ્રાર્થના કરવા જતા ગાંધીજી એ દિવસે સાંજે રોજ કરતાં દસ મિનિટ મોડા પ્રાર્થના કરવા નીકળ્યા હતા. રસ્તામાં ખાખી કપડાં પહેરેલો ગોડસે ભીડમાંથી રસ્તો કરતો ગાંધીજી સામે આવીને ઉભો રહ્યો. ગાંધીજીને નમસ્કાર કરીને તે નીચે નમ્યો.

ગાંધીજીનાં ભત્રીજી મનુબેને ગુસ્સે થઈને ગોડસેને બાજુ પર હટી જવા કહ્યું. ગોડસેએ ધક્કો મારીને મનુબેનને દૂર હડસેલીને પિસ્તોલ કાઢી અને પોઈંટ બ્લેન્ક રેન્જથી ત્રણ ગોળીઓ ગાંધીજીના શરીરમાં ધરબી દીધી હતી. ૭૯ વર્ષના ગાંધીજી 'હે રામ' બોલીને ઢળી પડ્યા ને ગુજરી ગયા.

ગાંધીજીની હત્યા સાથે ઈતિહાસનું એક ભવ્ય પ્રકરણ પૂરું થયું.

ગાંધીજીને છેલ્લા બે સદીમાં પેદા થયેલા મહાનતમ ભારતીય માનવામાં આવે છે. ભારતીયોના જીવન અને વિચારો પર અમીટ છાપ છોડનારા ગાંધીજી એવા ભારતીય હતા કે જેમના સિધ્ધાંતોને દુનિયાના બીજા દેશોમાં પણ અનુસરવામાં આવ્યા.

હિંસા નહીં પણ અહિંસા અને શાંતિ જીવવાની સાચી પધ્ધતિ છે એ વિચાર મૌલિક નહોતો. ગાંધીજી પહેલાં બીજા મહાન લોકોએ પણ આ વિચાર આપ્યો હતો પણ ગાંધીજીએ આ વિચારને વિશ્વવ્યાપી બનાવ્યો. દુનિયાના સંખ્યાબંધ દેશોમાં એવા લોકો પેદા થયા કે જે ગાંધીજીના રસ્તે ચાલીને મહાન બન્યા.

ગાંધીજીની હત્યાએ આખા દેશને હચમચાવી નાંખેલો કેમ કે ભારતમાં કોઈ વ્યક્તિ ગાંધીજીની હત્યા કરી શકે એવી કોઈને કલ્પના જ નહોતી. ભારતમાં ગાંધીજીના વિરોધીઓ બહુ હતા પણ ગાંધીજીના દુશ્મન હોઈ શકે ને તેમની હત્યા કરવા સુધી જઈ શકે એવું કોઈએ વિચાર્યું પણ નહોતું.

કમનસીબે આ અકલ્પનિય લાગતી વાત ૩૦ એપ્રિલ, ૧૯૪૮ના રોજ વાસ્તવિકતા બની ગઈ.

■■■

ગાંધીજીની હત્યા ના થઈ હોત તો ?

આ સવાલ વારંવાર ઉઠ્યો છે અને ઉઠતો રહે છે. લોકો એવા સવાલ પણ કરતા રહે છે કે, ગાંધીજીની હત્યા જ ના થઈ હોત તો આઝાદી પછીના વરસોમાં ગાંધીજીએ શું કર્યું હોત ? ગાંધીજી જીવતા હોત એવું આઝાદ ભારત કેવું હોત ?

આ સવાલ ઘણી વાર પૂછાયો છે અને લોકો પોતપોતાની વિચારધારા અનુસાર તેના જવાબ આપે છે. એક વર્ગ ગાંધીજી જીવતા હોત તો દેશની આવી અવદશા ના થઈ હોત એવું માને છે જ્યારે બીજો વર્ગ માને છે કે, ગાંધીજી જીવતા રહ્યા હોત તો દેશની હાલત વધારે ખરાબ થઈ ગઈ હોત.

ગાંધીજીની વિચારધારાને ધ્યાનમાં રાખીને વિચારીએ તો લાગે કે, ગાંધીજી જીવતા રહ્યા હોત તો આ દેશમાં ઘણું હકારાત્મક બન્યું હોત. ગાંધીજી ગામડાંને મજબૂત કરવામાં માનતા હતા અને સ્વદેશીના આગ્રહી હતા. અત્યારે આપણે આત્મનિર્ભર ભારતના નારા આપવા પડે છે પણ ગાંધીજી તો પહેલેથી આત્મનિર્ભરતાની વાતો કરતા હતા ને દેશનાં ગામડાંને આત્મનિર્ભર બનાવવાના પાકા હિમાયતી હતા.

ગાંધીજીએ પોતાના સત્યાગ્રહની શરૂઆત બિહારના ચંપારણથી કરેલી. ગાંધીજીને દેશમાં ખરેખર કોની હાલત દયનિય છે તેની પાકી ખબર હતી. લોકો સાથે સીધો સંપર્ક હોવાથી દેશના દાયકાઓ લગી પછાત રહી ગયેલા પ્રદેશોમાં ધૂણી ધખાવીને તેમણે કામ કર્યું હોત. યુપી કે બિહાર જેવા પ્રદેશો પછાત રહી ગયા એવું ના બન્યું હોત.

ભારતમાં આઝાદી પછી સ્વદેશીને સંપૂર્ણ રીતે અપનાવવવાની જરૂર હતી પણ એ ના થયું. ગાંધીજી જીવતા હોત તો સ્વદેશીનો મહિમા હોત ને આર્થિક રીતે ભારત કદાચ વધુ મજબૂત હોત. ગાંધીજીએ પોતે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવા ઝુંબેશ ચલાવી હોત ને ગામડાં તૂટી રહ્યાં છે એવી સ્થિતી ના હોત.

■■■




બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા


ગાધીજીએ ભ્રષ્ટાચારને પણ વકરવા ના દીધો હોત.

ગાંધીજી લાંબું જીવ્યા હોત તો દેશમાં નૈતિક મૂલ્યોનું અચાનક પતન ના થયું હોત. આઝાદી પછી કોંગ્રેસને સત્તા મળી કે તરત કોંગ્રેસીઓ ભૂખ્યા ડાંસની જેમ તૂટી પડ્યા હતા. બેફામ ભ્રષ્ટાચાર શરૂ થઈ ગયેલો. ગાંધીજી તેને બિલકુલ રોકી શક્યા હોત એમ કહેવું અતિશયોક્તિભર્યું ગણાય પણ તેને નિયંત્રણમાં ચોક્કસ રાખી શક્યા હોત. ગાંધીજીનો લોકોમાં પ્રભાવ હોવાથી લોકો તેમની વાત સાંભળતા તેથી ભ્રષ્ટાચાર કરનારા તેમનાથી ડરીને ભ્રષ્ટાચાર કરતાં ડરતા હોત.

કમનસીબે ગાંધીજીની હત્યા પછી ગાંધીવાદીઓ બેફામ બન્યા. ગાંધીજીના નામે ઉભી કરેલી સંસ્થાઓને તેમણે બાપીકી પેઢી બનાવીને ઘર ભર્યાં. ગાંધીજી હોત તો એવું ના થવા દીધું હોત. આ સંસ્થાઓનો ઉપયોગ ખરેખર લોકોનો ઉધ્ધાર કરવા માટે કર્યો હોત.

ગાંધીજી અસ્પૃશ્યતાના ઘોર વિરોધી હતા. તેમના કારણે દલિતોની સ્થિતીમાં સુધારો આવ્યો પણ દલિતોને મળવું જોઈએ એ સન્માન ના મળ્યું. અત્યારે દલિતો અને આદિવાસીઓ મોટા પાયે ધર્માંતરણ કરે છે કેમ કે હિંદુ સમાજમાં તેમને કોઈ ગણકારતું નથી, હજુય અછૂત માને છે.

ગાંધીજી જીવતા હોત તો સ્થિતી અલગ હોત ને હિંદુ સમાજમાં એકતા વધી હોત.

ગાંધીજી સ્ત્રીઓને શિક્ષણ અને સ્ત્રી સશક્તિકરણના પાકા આગ્રહી હતા. અત્યારે સ્ત્રી સશક્તિકરણના નામે ટોચના નેતાઓના પરિવારોની મહિલાઓ કે પછી તેમને ખુશ રાખનારી સ્ત્રીઓ સત્તામાં ભાગીદાર બને છે. ગાંધીજી હોત તો સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારે હોત ને યોગ્ય ક્ષમતા ધરાવતી સ્ત્રીઓને વધારે તક મળતી હોત.

■■■

ગાંધીજી જીવતા હોત તો કદાચ કોંગ્રેસ ના હોત.

ગાંધીજી માનતા હતા કે, દેશને આઝાદી મળી પછી કોંગ્રેસને વિખેરી નાંખવી જોઈએ. કોંગ્રેસની સ્થાપના દેશને આઝાદી અપાવવા માટે થઈ હતી. એ ઉદ્દેશ પાર પડી જતાં કોંગ્રેસને વિખેરી નાંખવી જોઈએ. જવાહરલાલ નહેરૂ, સરદાર વલ્લભભાઈ પટેલ, ડો. રાજેન્દ્ર પ્રસાદ, અબ્દુલ કલામ આઝાદ સહિતના કોંગ્રેસીઓએ આ વાત માની નહીં.

કોંગ્રેસનું એક રાજકીય પક્ષ તરીકે અસ્તિત્વ ટકાવી રાખ્યું.

ગાંધીજી જીવતા હોત તો કોંગ્રેસને વિખેરી નાંખવા માટે ઉપવાસ પર ઉતર્યા હોત. ગાંધીજીનો પ્રભાવ જોતા તેમનું માન રાખવા માટે કોંગ્રેસ વિખેરી નંખાઈ હોત એ પણ શક્ય છે. એ વખતની કોંગ્રેસમાં પણ મોટા ભાગના ટોચના નેતા આઝાદીની લડતમાં પણ સત્તા માટે જ કૂદી પડેલા તેથી કોંગ્રેસને વિખેરી નાંખીને તેમણે ફરી બીજો રાજકીય પક્ષ બનાવી જ નાંખ્યો હોત તેમાં બેમત નથી પણ કોંગ્રેસનું અસ્તિત્વ મટી ગયું હોત એવું ચોક્કસ માની શકાય.

માનો કે કોંગ્રેસ હોત તો પણ વંશવાદી પેઢી ના હોત. ગાંધીજીની હત્યા થઈ ત્યારે તેમની વય ૭૯ વર્ષ હતી. એ પછી એ કેટલું જીવ્યા હોત એ સવાલ છે પણ માનો કે, સો વર્ષના તો થયા જ હોત એવું માનીએ તો કોંગ્રેસને એક પરિવારની પેઢી પણ ના બનવા દીધી હોત. ઈન્દિરા ૧૯૬૬માં વડાપ્રધાનપદે બેઠાં ને ૧૯૬૯માં તો કોંગ્રેસ પર સંપૂર્ણ કબજો કરી લીધો. ગાંધીજી ૧૯૬૯માં જીવતા હોત તો આ સ્થિતી ના જ થવા દીધી હોત.

■■■

ગાંધીજી વહીવટમાં ચંચૂપાત કરતા હોત.

એક બહુ મોટો વર્ગ આ માન્યતા ધરાવે છે અને આ માન્યતા ખોટી નથી. ગાંધીજી પોતાની માન્યતાઓ વિશે સ્પષ્ટ હતા. આ માન્યતાઓનો અમલ ના થાય તો ઉપવાસનું શસ્ત્ર અજમાવીને પોતાનો જીવ જોખમમાં મૂકવાની હિંમત અને જીદ બંને તેમનામાં હતાં. આ તાકાતનો ઉપયોગ કરીને ગાંધીજી સરકારમાં નહીં હોવા છતાં સરકારને પોતાનું ધાર્યું કરવાની ફરજ પાડતા હોત. ગાંધીજી જીવતા હોત તો સરકારની દરેક વાતમાં દખલ કરતા હોત ને ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરી કરીને સરકારને સરખી રીતે ચાલવા જ ના દેત.

આ વાતનો ગાંધીજીએ આઝાદી પછી તરત પરચો પણ આપેલો.

આઝાદી વખતે ભારતે પાકિસ્તાનને ૫૫ કરોડ રૂપિયા આપવાના થતા હતા પણ પાકિસ્તાને કાશ્મીરમાં હુમલો કરતાં એ રકમ રોકી દેવાઈ ત્યારે ગાંધીજીએ ઈમોશનલ બ્લેકમેઈલિંગનો પરચો આપેલો જ. ગાંધીજીએ ઉપવાસ પર ઉતરીને ૫૫ કરોડ પાકિસ્તાનને આપવાની નહેરુ સરકારને ફરજ પાડી હતી.

ગોડસેએ ગાંધીજીની હત્યા કરીને યોગ્ય કર્યું એવું માનનારાં લોકોના મતે, ગાંધીજી વધારે જીવ્યા હોત તો ભારતમાં મુસ્લિમો ચડી બેઠા હોત. કોર્ટમાં આપેલી લાંબી જુબાનીમાં ગોડસેએ કહેલું કે, ગાંધીજી જીવતા હશે તો દેશના રાજકારણ પર તેમનો પ્રભાવ રહેશે જ તેથી ગાંધીજીને રાજકીય તખ્તેથી દૂર કરવા જરૂરી છે કે જેથી ભારત એક રાષ્ટ્ર તરીકે પોતાનાં હિત શામાં છે તે જોઈ શકે.

આ વાત સાચી છે ?

દેશનાં લોકોને નક્કી કરવા દો.


■ sanjogpurti@gmail.com


# ઘરડા નથી દેખાવું? પપૈયા ખાવ

પપૈયા, જેને કેરીકા પપૈયા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક ઉષ્ણકટિબંધીય ફળ છે જે માત્ર સ્વાદિષ્ટ જ નથી પણ આયુર્વેદમાં પણ



ખૂબ મહત્વ ધરાવે છે, જે પ્રાચીન ભારતીય ચિકિત્સા પદ્ધતિ છે. આયુર્વેદ પપૈયાને એક શક્તિશાળી હીલિંગ ફળ માને છે જે સ્વાસ્થ્ય લાભોની વિશાળ શ્રેણી આપે છે.

આયુર્વેદમાં પપૈયાનું ખૂબ મૂલ્ય કેમ છે તેનું એક મુખ્ય કારણ તેના પાચન ગુણધર્મો છે. પપૈયામાં પપૈન નામનું એન્ઝાઈમ હોય છે, જે પ્રોટીનના પાચનમાં મદદ કરે છે અને પેટનું ફૂલવું, અપચો અને કબજિયાત જેવા પાચન સંબંધી સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. નિયમિતપણે પપૈયાનું સેવન કરવાથી પાચનમાં સુધારો થાય છે અને આંતરડાના એકંદર આરોગ્યને પ્રોત્સાહન મળે છે.

પપૈયું તેના ડિટોક્સિફાઈંગ પ્રોપર્ટીઝ માટે પણ જાણીતું છે. આયુર્વેદ અનુસાર, પપૈયા શરીરના ઝેરી તત્વોને સાફ કરવામાં અને લોહીને શુદ્ધ કરવામાં મદદ કરે છે. આ બાબત તેને બિનઝેરીકરણ અને કાયાકલ્પ માટે ઉત્તમ ફળ બનાવે છે. પપૈયાનું નિયમિત સેવન શરીરની કુદરતી ડિટોક્સિફિકેશન પ્રક્રિયાઓને સુધારવામાં અને એકંદર આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવામાં મદદ કરી શકે છે.

તેના પાચન અને બિનઝેરીકરણ ગુણધર્મો ઉપરાંત, પપૈયામાં વિટામિન્સ, ખનિજો અને એન્ટીઑકિસડન્ટો પણ સમૃદ્ધ છે. તે વિટામિન સી, વિટામિન એ, ફોલેટ, પોટેશિયમ અને ફાઈબરનો સારો સ્ત્રોત છે, જે બધા સારા સ્વાસ્થ્ય જાળવવા માટે જરૂરી છે. પપૈયામાં હાજર એન્ટીઑકિસડન્ટો મુક્ત રેડિકલ સામે લડવામાં અને ઓક્સિડેટીવ તણાવ ઘટાડવામાં મદદ કરે છે, જે ક્રોનિક રોગોને રોકવામાં અને આયુષ્યને પ્રોત્સાહન આપવામાં મદદ કરી શકે છે.

આયુર્વેદ પણ પપૈયાને ત્વચાના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માને છે. પપૈયામાં રહેલા વિટામિન્સ અને એન્ટીઑકિસડન્ટ્સ ત્વચાને પોષણ આપવામાં, બળતરા ઘટાડવામાં અને સ્વસ્થ રંગને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. પપૈયાનો ઉપયોગ ચહેરાના માસ્ક તરીકે કરી શકાય છે અથવા ત્વચાના સ્વાસ્થ્યને સુધારવા અને વૃદ્ધત્વના



ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા


સંકેતોને ઘટાડવા માટે આંતરિક રીતે તેનો ઉપયોગ કરી શકાય છે. એટલે ઘરડા ન દેખાવું હોય તો પપૈયા ખાવા જરૂરી છે. પપૈયા બજારમાં થોડા મોંઘા પણ મળે છે એટલે બજારમાંથી ખરીદી ખરીદીને થાક્યા હોવ તો ઘરના આંગણામાં કે વાડીના ખૂણામાં પાંચ સાત પપૈયાના ઝાડ નાખી દો. ખાધા નહીં ખૂટે.

એકંદરે, પપૈયા તેના પાચન, ડિટોક્સિફાયિંગ અને પોષક ગુણધર્મોને કારણે આયુર્વેદમાં ખૂબ મહત્વ ધરાવે છે. તમારા આહારમાં પપૈયાનો સમાવેશ પાચનમાં સુધારો કરવામાં, શરીરને ડિટોક્સિફાય કરવામાં, ત્વચાના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવામાં અને એકંદર સુખાકારીને વધારવામાં મદદ કરી શકે છે. તેથી, આ સ્વાદિષ્ટને સામેલ કરવાની ખાતરી કરો. ■


naranbaraiya277@gmail.com


# ગાંધીબાપુનો રચનાત્મક અભિગમ



બીજી ઓક્ટોબરના રોજ દેશના રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મદિવસ છે. પોરબંદર થી પરદેશ સુધી સફર ખેડનારા યુગ પુરુષ, મોહનમાંથી મહાત્મા બનેલ તેમને દાયકાઓ પછી પણ પેઢીઓ યાદ કરશે એવી ચોક્કસ ખાતરી છે.

આઝાદીના આંદોલનમાં રચનાત્મક પ્રવૃત્તિ થકી આર્થિક ઉપાર્જન માટે લોકોમાં નઈ તાલીમનો અભિગમ કેળવવા વિવિધ પ્રવૃત્તિ થકી લોકોમાં જનજાગૃતિ સ્થાપિત કરવાનું કાર્ય ગાંધીબાપુએ કરી બતાવ્યું છે. સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ...

રંગભેદની નીતિથી રચનાત્મક પ્રવૃત્તિ સુધી તેમની સફળ યાત્રા આજના યુગ માટે અતિ આવશ્યક છે. સ્વદેશી અપનાવો દેશ બચાવો. અંગ્રેજો વેપારી પ્રજા હતી તેમણે આપણા દેશના આર્થિક શોષણ દ્વારા ભારતના ભોગે ઈંગ્લેન્ડને સમૃદ્ધ બનાવ્યું.

હિન્દુસ્તાનની ગરીબીનું મૂળ કારણ અંગ્રેજોની શોષણ ભરી આર્થિક નીતિ જવાબદાર છે આવું સ્પષ્ટ ગાંધીજી માનતા હતા. ગાંધીજીની અહિંસાની નીતિનો અંગ્રેજોએ ભરપૂર લાભ ઉઠાવ્યો. જેના કારણે આપણા ક્રાંતિકારીઓ શહીદ થયા. અહિંસા અમોધ શસ્ત્ર છે પરંતુ જરૂરિયાત હોય ત્યારે "પાર્થને કહો ચડાવે બાણ યુદ્ધ એ જ કલ્યાણ" એ આપણા ક્રાંતિકારીઓ માટે રામબાણ ઈલાજ હતો. ગાંધીજીના નામે ગાંધીનગર છે. શું કાવાદાવા થાય છે તે જનતા જાણે છે? ગાંધીગીરીની જગ્યાએ ગુંડાગીરી થઈ રહી છે. લોકશાહીમાં લોકો સર્વોપરી હોવા જોઈએ તેની જગ્યાએ પક્ષાપક્ષી ચાલી રહી છે. પ્રજાને સ્વતંત્રતાનો શ્વાસ મળી શકે તે માટે અનેક લોકોએ પ્રાણની આહુતિ આપી છે ત્યારે દેશને આઝાદી મળી છે. આજે બે પ્રકારના ગાંધીની જરૂર છે. એક લક્ષ્મી ગાંધી અને બીજા અહિંસાના ગાંધી. ગાંધીજી પોતડી પહેરતા હતા તેમાં ખિસ્સું નહોતું. આજે દરેકને ખિસ્સામાં ગાંધી છાપ મેળવવાની હોડ ચાલી રહી છે.

ગાંધીજીના રચનાત્મક કાર્ય આજની યુવા પેઢી માટે ખૂબ જરૂરી છે. આજના યુવાનોને મહાત્મા ગાંધી કોણ છે તેનો ખ્યાલ નથી. તે મોબાઈલ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના નબીરાઓને રોલ મોડલ માને છે. ગાંધીજીની પ્રતિમા વિશ્વના મોટા ભાગના બધા દેશમાં છે. ગાંધીજીની ફિલસૂફી દાર્શનિક અને રચનાત્મક રહી છે. ગાંધીજી સર્વધર્મ સમભાવનો આદર્શ ચરિતાર્થ કરનાર મહાપુરુષ હતા.

સ્વદેશી, સ્વચ્છતા, રોજગારી, સ્ત્રી ઉત્થાન, અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી જેવા કામો આજે પણ આપણી વચ્ચે પ્રસ્તુત છે અને તેમને નાથવા ગાંધીજીએ દર્શાવેલ રચનાત્મક કાર્યો થકી આ બદીઓને સમાજ અને આપણે આંતર-બાહ્ય બંને રીતે દુર કરી શક્યા નથી. સામાજિક અસમાનતા આસમાને છે. જાતિ જ્ઞાતિના વાડા મોટા પ્રમાણે નિર્માણ થઈ ગયા છે ત્યારે સમભાવ કેળવણી સ્થાપિત કરવાની તાતી જરૂરીયાત છે.

ગાંધીજીએ અઢાર કાર્યક્રમોમાં કોમી એકતા, દારૂબંધી, ખાદી, અસ્પૃશ્યતા નિવારણ, ગ્રામઉદ્યોગ, ગ્રામ સફાઈ, નવી તાલીમ, પ્રૌઢ શિક્ષણ, સ્ત્રી ઉન્નતિ, તંદુરસ્તીનાં નિયમોની જાળવણી, પ્રાંતીય ભાષાનો વિકાસ, રાષ્ટ્રીય ભાષાનો વિકાસ, આર્થિક સમાનતા, કિસાન સંગઠન, આદિવાસીઓના ઉત્કર્ષ કાર્ય, રક્તપિતના રોગીઓની સેવા, વિદ્યાર્થી સંગઠનનો સમાવેશ થતો હતો. આ કાયક્રમો એક શૈક્ષણિક પ્રક્રિયા હતી. જેમાં સેવક અને સેવ્ય વચ્ચે આંતર-બાહ્ય એકતા સંધાય અને વર્ગના ઉત્કર્ષ માટે કાર્ય થાય તે લક્ષ્ય હતું.

જે.બી. કૃપાલાણીએ કહ્યું જ છે કે જો ગાંધીનાં જીવન અને કાર્યોને સમજવા હોય તો તેમના આધ્યાત્મ વિશેના વિચારો અને આદર્શોને સમજવા જરૂરી છે, જેને આધારે તેમણે સમાજને ભોગવવા પડતા અન્યાય અને જુલ્મ સામે ચળવળો ઉપાડી અને સમાજને અજ્ઞાન અને પ્રમાદમાંથી જગાડવા રચનાત્મક કાર્યો આદર્યાં. ગાંધીજીની આધ્યાત્મિક યાત્રામાં રાજકારણ તો એક માત્ર એવું રોડું હતું જે વ્યક્તિને અને આમ પ્રજાને આ મંઝિલ સુધી પહોંચતાં રોકતું હતું. જો દક્ષિણ આફ્રિકામાં ધક્કો મારીને ટ્રેનમાંથી ઉતારી મુકવામાં ન આવ્યા હોત તો તેઓ એક સામાન્ય બેરિસ્ટરની માફક પોતાના કુટુંબ માટે તગડી આવક મેળવીને સુખેથી જીવતા હોત. અન્યાયી સરકાર પાસેથી ન્યાય મેળવવા તેમને રાજકારણને સ્પર્શ કરવો પડ્યો. ભારત આવ્યા બાદ માનવ અધિકાર મેળવવા અને સામાજિક સુધારા લાવવા રાજકીય ગુલામીમાંથી મુક્તિ અનિવાર્ય બની ગઈ; પરંતુ સમાજના ઉત્થાન માટે રચનાત્મક કાર્યો એ એમની પ્રથમ ચાહતનું ક્ષેત્ર હતું. 'બાપુ' કહીને આપણે તેમનો ચરણસ્પર્શ કરતા રહ્યા, મહાત્મા માનીને જયકાર બોલાવતા રહ્યા, પણ તેમના રચનાત્મક અને આધ્યાત્મિક મૂલ્યોને ન તો સમજ્યા, ન અનુસર્યા અને છેવટે એના કટુ ફળ મેળવતા રહ્યા. ભારતની જનતાને રાજકીય ગુલામીમાંથી મુક્તિ અપાવનાર ફરિશ્તાની ભાળ મળી, એની દોરવણીથી આઝાદી મળી ગઈ. વાત ખતમ. હજુ આજે પણ ફૂલોના ઢગલા નીચે સૂતેલો ગાંધીનો આત્મા આપણે એમને ક્યારે સાચા પરિપેક્ષ્યમાં ઓળખીશું, એની રાહ જુએ છે.





સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)


ગાંધીજી ન ભૂતો ન ભવિષ્યતી છે. તેમના કાર્ય એ જ દેશની ઓળખ છે. ગાંધી જયંતી નિમિત્તે તેમની પ્રતિમાને ગમે તેટલા ફૂલહાર પહેરાવો કે ખાદીની આંટી પહેરાવો તેનો કોઈ મતલબ ખરો? જ્યાં સુધી ભારતના તમામ લોકો વચ્ચેનો મતભેદ અને જાતિ જ્ઞાતિના દૂષણો દૂર નહીં થાય ત્યાં સુધી સામાજિક સમરસતા આવશે નહીં. ગાંધીજીના વિચારો યુવા પેઢીમાં સ્થાપિત કરવાની જરૂર છે. વિદ્યાપીઠ તેમના આદર્શોનું નિર્માણ છે. તેમાં પણ રાજકીય ગંદકી ન પ્રસરે તે અનિવાર્ય છે. બુનિયાદી શિક્ષણ થકી કૌશલ્ય નિર્માણ પેઢીઓમાં કરવું પડશે, તો જ પોતાની રીતે રોજગારી મેળવી શકશે. ગાંધીજી ખૂબ લાંબુ વિચારતા હતા. તેમની વણિક બુદ્ધિને દુનિયાએ સલામ મારી છે. ગાંધીજીના રચનાત્મક કાર્યો એ દેશ માટે અત્યંત જરૂરી છે. ગાંધી જયંતી નિમિત્તે તેમના ચરણમાં વંદના કરું છું. તેમના સ્વચ્છતા વિશેના ખ્યાલો આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ વ્યાપક બનાવી રહ્યા છે તે પ્રશંસાને પાત્ર છે. જય હિન્દ... વંદે માતરમ ■


Mo.9825702282

# હૃદયરોગ, મધુપ્રમેહ, સ્થૂળતા વિષે માહિતી અને આહાર વ્યવસ્થા




વૈવિધ્ય

ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

અતિશય ખાવાની ટેવ : વધારે પડતા ખોરાક ખાવાની લોકોને આદત પડી ગઈ હોય છે. માખણ, મીઠાઈ, આઈસક્રીમ અને અન્ય ચરબીવાળા પદાર્થો ખાવાથી વજન વધે છે. કેટલાક લોકો જમતી વખતે ઓછું ખાય પણ દિવસમાં અનેકવાર કંઈને કંઈ મોંઢામાં નાંખી દેતા હોય છે. પરિણામે શરીરનું વજન વધતું જાય છે.

બેઠાડુ જીવનશૈલી : શક્તિનું આ અસમતોલપણું આપણી જીવનશૈલી સાથે પણ જોડાયેલું છે. શહેરી વિસ્તારમાં સાધારણ રીતે માણસોનું જીવન આરામદાયક હોય છે. તેઓ શારીરિક કામ અથવા તો કસરત ઓછી કરે છે પણ માનસિક કામ વધારે કરે છે. ગૃહિણીઓને તો વેક્યુમ ક્લીનર, કપડાં ધોવાનું મશીન, ઓવન, મિક્સર વિ. સાધનો મળવાથી બસ મજા જ થઈ ગઈ છે. પરંતુ એ મજામાં ઓછા શારિરિક શ્રમની સજા પણ છે એ તેઓ ભૂલી જાય છે. આવી આરામદાયક પરિસ્થિતિમાં લેવાયેલ શક્તિનો વપરાશ થતો નથી. આવી વ્યક્તિઓ ખોરાકના સ્વરૂપે લીધેલ શક્તિનો વપરાશ ઘણી ઓછી માત્રામાં કરે છે. પરિણામે શક્તિનું અસમતોલન થાય છે અને પરિણામે શરીરનું વજન વધે છે.

માનસિક પરિબળો : વ્યક્તિ માનસિક તણાવમાં હોય કે એકલો હોય તો પણ ખૂબ વધારે ખાય છે. આવી વ્યક્તિઓમાં ખોરાક જ તેમનું ધ્યાન બીજે વાળવામાં કે તનાવમાંથી મુક્ત થવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે પરિણામે આવી વ્યક્તિઓમાં વજનનો વધારો થવો સ્વાભાવિક છે. વારસાગત પરિબળો : જાડાં માતાપિતાના બાળકો જાડાં હોવાની શક્યતા ઘણી વધારે છે. આ હકીકત ઘણા અભ્યાસના વિશ્લેષણ બાદ પ્રકાશમાં લાવવામાં આવી છે. એક સંશોધન અભ્યાસમાં તો એવું જાણવા મળ્યું છે કે માતા પિતા બંનેનું વજન જો સામાન્ય હોય તેવાં માતાપિતાનાં બાળકોમાં સ્થૂળકાયનું પ્રમાણ ૭ ટકા હોય છે. બીજી તરફ જોઈએ તો માતા પિતામાં જો કોઈ એક સ્થૂળકાય હોય તો તેમનાં બાળકોમાં સ્થૂળકાયનું પ્રમાણ ૪૦ ટકાનું છે. અને જો બંને સ્થૂળકાય હોય તો બાળકોમાં સ્થૂળકાયનું પ્રમાણ ૮૦ ટકા હોય છે.

સ્થૂળતામાં આહાર વ્યવસ્થાઃ રોગમાં આહાર વ્યવસ્થા એટલે રોગનો ઈલાજ કરવામાં લેવાતાં પગલાં કોઈપણ રોગ કે મુશ્કેલીમાં આહાર વ્યવસ્થા માટેનાં ત્રણ પગલાં છે.

૧. ખોરાકી વ્યવસ્થાના સિદ્ધાંતોની વ્યાખ્યા.

૨. રોગની શરીર પર થતી અસરને ધ્યાનમાં રાખીને ભલામણ કરાયેલ પોષક તત્ત્વોની ગણતરી અને તેને લગતા સિદ્ધાંતો

૩. રોગની અસર મુજબ પોષક તત્ત્વોની જરૂરિયાત નક્કી કરવી.

આ એકમમાં આપણે સ્થૂળતામાં આહાર વ્યવસ્થા નીચે જણાવેલ તબક્કા મુજબ અને બીજી ખામીઓ વિશે ચર્ચા કરીશું.

હવે આપણે સ્થૂળતામાં આહાર વ્યવસ્થા વિશે ચર્ચા કરીશું.

૧. સ્થૂળતાની સારવારના મુખ્ય સિદ્ધાંતો

- શરીરનું આદર્શ વજન ન થાય ત્યાં સુધી શરીરનું વજન ધીમે ધીમે ઘટાડવું.
- શરીરના ઘટેલા વજનને જાળવી રાખવું.
- હૃદયરોગ અને મધુપ્રમેહ જેવા રોગોના અટકાવની કાળજી.

૨. સ્થૂળ વ્યક્તિઓ માટે પ્રોટીન, શર્કરા, ચરબી, વિટામિન અને સુધારા- વધારા શક્તિ ફેરફાર કરાયેલા પોષક તત્ત્વોની જરૂરિયાત.

આ એકમમાં અગાઉ જણાવ્યા પ્રમાણે સ્થૂળતા એ શક્તિની અસમતુલા દર્શાવે છે. આથી આ શક્તિની જરૂરિયાતમાં યોગ્ય ફેરફાર કરવા. પરંતુ આમ કરતા આપણે એ ન ભૂલવું જોઈએ કે આ સુધારા-વધારા દરેક વ્યક્તિને એકસરખા લાગુ પડતાં નથી. વ્યક્તિની જરૂરિયાત પ્રમાણે કેટલીકવાર ખોરાકમાં ૫૦૦ થી ૧૦૦૦ કેલરી ઘટાડી દેવી પડે છે. સામાન્ય રીતે રોજની ૫૦૦ કેલરી પ્રમાણે જો ગણીએ તો અઠવાડિયામાં ૪૫૦ ગ્રામ (૧ પાઉન્ડ) અને જો ૧૦૦૦ કેલરી ગણીએ તો ૯૦૦ ગ્રામ (૨ પાઉન્ડ) વજન ઘટે છે. રોજની ૧૪૦૦ થી ૧૬૦૦ કેલરી જેટલો ખોરાક લઈએ તો સંતોષકારક રીતે વજનમાં ઘટાડો થાય છે તેવું કેટલાક અભ્યાસોનું તારણ છે. પરંતુ દરેક વ્યક્તિ માટે આ નિયમ એકસરખો ન હોઈ શકે. (ક્રમશઃ)

hemangidmehta@gmail.com

# અરે બકા, જશોદા માવડી એક જ હતી




લાગે તો તીર..

કાળુભાઇ ભાડ

"બોસ, જશોદા માવડીયુ સંકટમાં મૂકાઈ છે એનો કોઈ રસ્તો ખરો?"

"અરે બકા, જશોદા માવડી એક જ હતી અને એને પાંચ હજાર વર્ષ થઈ ગયા. અત્યારે હાલે છે, કળીયુગ. તું આ યુગની વાત કરને."

"બોસ હું આ યુગની જ વાત કરું છું અને જશોદા એટલે આપણાં મોદી સાહેબ બહેનોને વ્હાલથી જશોદા માવડી કહીને બોલાવે છે એ જશોદાની હું વાત કરું છું."

"હા પણ.., જશોદા માવડીને થયું છે શું?"

"એક નહીં બોસ , પાંચ પાંચ માવડીયુ સંકટમાં મૂકાણી છે."

"તો..ઓ..મોદી સાહેબે કહ્યું છે ને કે, સંકટ આવે તો એક પચાસ પૈસાનું પોસ્ટકાર્ડ લખજો."

"એ જ તો વાંધો છે બોસ. એ વાત હતી ગાંધીનગરની અને હવે સાહેબ છે દિલ્હીમાં.

દિલ્હી બહું દૂર છે."

"તો પછી, મેસેજ કરો, મેલ કરો, ટ્વીટ્ કરો."

"ખાટલે મોટી ખોટ છે. છાપે ચડેલી વાતને ફેરવવી કેમ ?? બાકી તો હંધૂય થાય."

"પણ વાત શું છે? એ તો કે."

"જૂનાગઢ જિલ્લાના એક ગામડાની આખેઆખી સ્કૂલના શિક્ષકોની બદલી કરી નાંખી. એમાં મોદી સાહેબની પાંચ જશોદાય અડફેટે ચડી ગઈ."

"અરે, પણ આ બદલી કરી કોણે? અને એ પણ હાગમટે !??"

"બદલી તો ડીપીઓએ જ કરી હશે. તમેય તે શું બોસ."

"હા પણ, બદલી કરવાનું કારણ હું? ઈ કે ને."

"કલેક્ટર બીજું હું હોય !?"

"આવડા મોટા કલેકટર અને નાના એવા ખોબા જેવડા ગામમાં કયારથી જવા લાગ્યા? અને શા માટે ગ્યા?

નિશાળ તો એની રીતે હાલતી જ હોય છે.

સિમેન્ટ વગરનાં પુલ બને ન્યા જાય.., ગેરકાયદેસર ખનન થાય છે ન્યા આંટોફેરો મારે.., બેફામ રેતીની રોયલ્ટી ચોરી થાય છે ન્યા જાય."

બેરાલાલ બેઠાંબેઠાં જેટલું અને જેવું હંભળાય એટલું હાંભળી રહ્યા હતા. એમણે કહ્યું.

"હેં, બકા! તારું નામ બકો કોણે પાડ્યુ ?"

"બેરાલાલ ! મારું નામ તો બકુલ કોઠારી છે. પણ, બધાં મને બકો બકો કહે છે અને મને પેટનેમ ગમેય છે. ભલેને એય રાજી થાય."

બકાએ માથે હાથ મૂકીને કહ્યું,"બોસ બોસ ! તમે કંઈ દુનિયામાં જીવો છો? ઈ હંધાય ઠેકાણે તો એનું તંત્ર ગોઠવાયેલું હોય છે. એક કાંકરીય આઘીપાછી થાય ને તોય ખબર પડી જાય અને ઈ હંધૂય કામ ઓફિસમાં બેઠાં બેઠાં જ થાય."

"તો પછી એ કહે કે કલેકટર ઉઠીને ગામડાની નિશાળમાં કેમ ગયાં?"

"કદાચ! એને લાગ્યું હોય કે, એકડા બગડા ભૂલાય તો નથી ગ્યા ને. એટલે ગયાં હોય. પણ એનોય વાંધો ન્હોતો. ન્યા જઈને વાર્ષિક પેપર જોવાની હું જરૂર હતી !? બસાડા શિક્ષકોય માંડ માંડ જોતાં હોય. એને આ કલેકટરે શું કામ જોયાં!??"

"હવે જોયાં તો જોયાં!! એમાં ક્યાં સ્વીસ બેંકમાં કાળા નાણાં વાળાના નામ જોઈ નાંખ્યા છે."

"તમે હજીય નો હમજ્યા બોસ. પેપર જોયાં એનો વાંધો નથી. એ હંધાય પેપરમાં એક જ હરખો જવાબ હતો. કલેકટરને વાંધો ન્યા પડયો."

"લો કરલો બાત !! એક હારો માસ્તર, હંધાય વિદ્યાર્થીઓને હાસુ ભણાવે.અને બધાં હોંશિયાર વિદ્યાર્થી પેપરમાં હાસેહાસુ લખે. એમાં માસ્તર બસાડા હું કરે !!"

"માના સ્તરે જઈને ભણાવે ઈ માસ્તરને કાંઈ કરવાની જરૂર નોંતી.

પણ, એનાંથી બોલ્યાં વગર ના રહેવાયું."

માસ્તરે કહ્યું. "સાહેબ..! આવું તો હંધીય નિશાળમાં હાલે જ છે. આમાં ક્યાં નવી નવાઈ છે !??"

"અચ્છા તો ઐસા હુવાં કી.. માસ્તર એ ભુલી ગયા કે, માસ્તરની ડિગ્રી અને કલેકટરની ડિગ્રી જુદી જુદી હોય છે. પછી હું થયું?"

"થવાનું શું. આપણે ત્યાં હાલતાં ચાલતાં તપાસ પંચ નિમાય છે. એવુ જ થયું. નિયામકને હાગમટે શિક્ષકોની બદલીઓ કરવાનો રિપોર્ટ મળ્યો અને બસાડી પાંચ જશોદાઓ ઝપટે ચડી ગઈ."

અભણ અમથાલાલ આખોય વાર્તાલાપ હાંભળીને ખારાં ધૂંધવા જેવાં થયા અને બોલ્યા. "ગમે એવાં કામમાં હંધાયને માસ્તરો જ કેમ દેખાય છે?? હંધોય વાંક ગનો એનો જ આવે ?? એલા માસ્તરોએ નોકરી હેના માટે લીધી ? છોકરાઓને ભણાવવા માટે અને આ સરકાર હાલતાં ને ચાલતાં ગમે એવી કામગીરી માસ્તરોને હોંપી દે. હવે તમે જ કહો..! પસાચ- સાંઈઠ હજારના પગારદાર માસ્તરને રાશનકાર્ડની હું ખબર હોય !?? છતાંય હમણાં E-KYC નું કામ એમને હોંપ્યું બોલો. નાના તમે જ કહો .. આમાં બસાડો શિક્ષક છોકરાઓને ભણાવે કયારે ???

kalubhaibhad123@gmail.com

# નવરાત્રીએ કરો માતાજીના દર્શન

પ્રવાસનામા

જયસ્વી પટેલ

**- દડવાની વાવમાં બિરાજમાન રાંદલ મા :**

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના દડવા ગામમાં વાવની અંદર આવેલું રાંદલ માતાનું પૌરાણિક મંદિર સૌરાષ્ટ્રના લોકો માટે આસ્થાનું કેન્દ્ર બની ગયું છે. આ ગામ દડવા (રાંદલના) તરીકે પણ ઓળખાય છે



સૌરાષ્ટ્રમાં નાના-મોટા અનેક પ્રસિદ્ધ ઐતિહાસિક અને પૌરાણિક મંદિર આવેલાં છે. સૌરાષ્ટ્રમાં ધારી અને દડવામાં આવેલું રાંદલ માતાનું મંદિર ભાવિક ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. દડવા ગામમાં વાવની અંદર આવેલું રાંદલ માતાનું મંદિર ૭૦૦થી પણ વધુ વર્ષ પ્રાચીન હોવાનું મનાય છે. મંદિર પાસે આવેલા લીંમડાની મંદિર ઉપર પડતી ડાળીઓ મીઠી છે, જ્યારે બાકીની બીજી ડાળીઓ કડવી છે.

રાંદલ માતાના મંદિરનો ઈતિહાસ આશરે ૭૦૦-૮૦૦ વર્ષ જૂનો હોવાનું મનાય છે. ચોમાસા દરમિયાન વાવની અંદર આવેલ રાંદલ માતાના મંદિરમાં રાત્રે પાણી ભરાય છે, જે પાણી ફક્ત માતાજીના ચરણો સુધી પહોંચે છે તેવી પણ લોકવાયકા છે. અહીં નજીકની વાવમાં હંમેશાં પાણી ભરાયેલું જ રહે છે.

કહેવાય છે કે, ભાવનગરના રાણીબા દર્શન કરવા અહીં આવ્યાં હતાં, તે દરમિયાન વેલડું લૂંટાયું હતું. તે દરમિયાન જોગીદાસબાપુ ખુમાણે તેમને બેન માન્યા અને વરતેજના પાદર સુધી તેમને મૂકવા ગયા હતા.

**દેલમાલનું લિંબોજી માતા મંદિર :**

ગુજરાતનું સોલંકીકાલીન આ મંદિર મહેસાણા જિલ્લાના ચાણસ્મા તાલુકાના દેલમાલ ગામમાં આવેલું છે. આ પુનર્નિર્માણ કાલનું મંદિર છે, કોઈ પ્રાચીન મંદિરના અવશેષ અહીં લાવી એના પર આ નવા મંદિરની માંડણી કરી હોવાનું અનુમાન છે. ઉત્તરાભિમુખ આ મંદિર ગર્ભગૃહ, સભામંડપ અને શૃંગારચોકીનું બનેલું છે. મંડપની વેદિકાની પીઠ ગ્રાસપટ્ટિકા, રત્નપટ્ટિકા વગેરે થર વડે અલંકૃત છે. આસનપટ્ટની પીઠિકા પણ આવી જ શિલ્પપ્રચુર છે. ગર્ભગૃહની દ્વારશાખાના લલાટબિંબમાં ગણેશનું શિલ્પ છે. દ્વારશાખાના રૂપસ્તંભમાં લલિતાસનમાં બેઠેલી દેવીનાં શિલ્પો છે. ગર્ભગૃહમાં ચતુર્ભુજ દેવીની પ્રતિમાના જમણા બે હાથમાં ત્રિશૂળ અને વરદ મુદ્રા તથા ડાબા બે હાથમાં ઘંટ અને કળશ ધારણ કરેલાં છે. દેવીના મસ્તક પર સર્પફણા છે. દેવીની બંને બાજુ વાઘ-સિંહ બિરાજમાન છે. ગામના તળાવ કાંઠે આવેલું પારવા દેવીના મંદિર તરીકે ઓળખાતું મંદિર એ અસલ મંદિર છે. ત્યાંની પ્રાચીન પ્રતિમા આ મંદિરમાં પધરાવી હોવાનું મનાય છે. મુખ્ય મંદિરની આસપાસ અન્ય નાનાં મંદિર આવેલાં છે. મુખ્ય મંદિરની સામે ૧૨ સ્તંભો પર ટેકવેલી ચોકીની રચના છે. પશ્ચિમ દિશાએ સાદી રચનાવાળું કીર્તિતોરણ ઊભું છે, જે વર્ષો જૂનું હોવાનું મનાય છે.



**ત્રિમુખી ચામુંડા માતા મંદિર :**

વલસાડથી ૮ કિલોમીટરના અંતરે પારનેરા ડુંગર પર આવેલા કિલ્લામાં આવેલું માતા ચંડિકા, અંબિકા, નવદુર્ગા અને મહાકાળી માનું મંદિર જે ત્રિમુખી ચામુંડા મંદિર તરીકે ઓળખાય છે. એવું કહેવાય છે કે, પેશ્વા સમયના આ કિલ્લા પર માતા ચામુંડાની વિશ્વની એકમાત્ર ત્રિમુખી પ્રતિમા છે. જ્યાં માતાજીના ત્રણ સ્વરૂપના એકસાથે દર્શન થાય છે.



માતા ચામુંડા ઊંચા ડુંગર પર બિરાજમાન થઈ ભક્તો પર પોતાના આશીર્વાદ વરસાવે છે. માતાજીના ડુંગર પર જવા માટે ભક્તોએ ૧૦૦૦ પગથિયાંવાળો મોટો ડુંગર ચઢવો પડે છે. જો કે, ડુંગર પર ચઢવા માટે ટ્રસ્ટ દ્વારા સુવિધા ઊભી કરાયેલી છે.

ડુંગર ચઢતી વખતે રસ્તામાં કિલ્લાની દક્ષિણ બાજુની ગુફામાં મહાકાળી માનું સ્થાનક આવેલું છે. અહીં બંને મંદિરની વચ્ચે એક વાવ આવેલી છે. આસો માસની આઠમના દિવસે અહીં મોટો મેળો ભરાય છે, જેમાં ૩ લાખ ઉપરાંત ભાવિક ભક્તો અને શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આસો નવરાત્રીમાં ગરબા રમવાથી ભક્તોની મનોકામના પૂરી થાય છે. આ મંદિરમાં સવાર-સાંજ નિયમિત આરતી થાય છે. આ યાત્રાધામ ઘણા લોકોની આસ્થાનું કેન્દ્ર છે. અહીં કેટલાક ભક્તો પગપાળા આવે છે, તો કેટલાક પગથિયે-પગથિયે સાથિયો પૂરતા-પૂરતા આવે છે, તો કેટલાક પગથિયાં પર ફૂલ મુકતાં-મુકતાં આવે છે.

અહીં શિવાજી મહારાજનો ઐતિહાસિક કિલ્લો પારનેરા ડુંગર પર આવેલો છે. અહીં પેશ્વાકાળની ૩ ઐતિહાસિક વાવ આવેલી છે. જેમાં હજુ સુધી પાણી ઘટ્યું નથી કે ઘટતું નથી, આ વાવને જોવા દર્શન કરવા માટે લોકો દૂર દૂરથી આવે છે.

આ મંદિરનો ઈતિહાસ જાણવા જેવો છે. શિવાજી જ્યારે સુરતમાં લૂંટ કરીને મહારાષ્ટ્ર તરફ જતા હતા ત્યારે તેઓ પારનેરા ડુંગર પર રોકાયા હતા અને માતાજીની ભક્તિમાં લીન હતા, ત્યારે શિવાજી મહારાજ પર હુમલાનો પ્રયાસ થયો હતો. ત્યારે ચામુંડા માએ શિવાજીને એક ઘોડો અને તલવાર આપીને કિલ્લા પરથી કુદાવી દઈ, નદીના બીજા કાંઠે પહોંચાડી દીધા હતા તેમાં જ શિવાજી મહારાજનો જીવ બચ્યો હતો.

ચૈત્રી નવરાત્રીનું અહિં ખાસ મહત્ત્વ હોઈ, નવરાત્રીના નવ દિવસ અહીં દેવી દુર્ગાની ઉપાસના કરવાની સાથે વ્રત રખાય છે. ચૈત્ર નવરાત્રીના પહેલા દિવસે શુક્લ પ્રતિપદા તિથિ પર શુભ મુહૂર્તમાં કળશ સ્થાપના કરી વિધિ-વિધાનપૂર્વક માતાજીના આરાધના પર્વની શરૂઆત કરાય છે.

sanjogpurti@gmail.com

# ભાગ્યા રે ભાગ્યા!



રે વાર્તા!

મનીષ સુથાર

"અરે ઓ વાંદરાભાઈ! આ તમે અને તમારા મિત્રો જરા ઓછી કૂદમકૂદ કરો તો સારું! આ જુઓને, તમે આમ કૂદમકૂદ ને હૂપાહૂપ કરો છો એમાં અમને ખૂબ તકલીફ પડે છે. તમે બધા જરાક જંપીને બેસો તો સારું!" - ઝમકું ખિસકોલીએ મીન્ટુ વાંદરાને વિનંતી કરતાં કહ્યું.

મીન્ટુ વાંદરો ને એની ટોળી દરરોજ આખુંય ઝાડ માથે લે. આજુબાજુનાં ઝાડ પર પણ કબજો જમાવે. આ ઝાડથી પેલું ઝાડ, ને પેલા ઝાડથી આ ઝાડ. ન જુએ ડાળી કે ન જુએ પાન. ઝાડ પર એટલી કૂદમકૂદ ને હૂપાહૂપ કરે કે ઝાડ પર રહેતાં પક્ષીઓ અને ખિસકોલી જેવા પ્રાણીઓ હેરાન-પરેશાન થઈ જાય. સૌ એને ધમાલમસ્તી ઓછી કરવા કહે પણ એ કોઈનીય વાત કાને ન ધરે. ઊલટાનું એને કોઈ વિનંતી કરે તેમ એ વધુ મસ્તીએ ચડે. ડાળી પકડી લટકે, દાંતીયાં કાઢે, સામું જોઈ ચાળા કરે ને માળા વીંખી નાંખે આ એની ટેવ.

ખિસકોલી અને બધાં પંખીઓ મીન્ટુ વાંદરાની અતિશય ધમાલમસ્તીથી કંટાળી ગયા હતા. એકવખત બધા ભેગા મળ્યા. મીન્ટુ વાંદરાને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. બધાંએ ખૂબ ચર્ચા કરી અને પોતપોતાના મત રજૂ કર્યા. આખરે હાથીભાઈની મદદ લેવાનું નક્કી કર્યું. સૌને એવી આશા હતી કે હાથીભાઈ જરૂર એમને મદદ કરશે અને મીન્ટુના ત્રાસમાંથી છૂટકારો અપાવશે.

સ્વીટુ સસલું પણ સાથે જોડાયું. સૌ સાથે મળી હાથીભાઈ પાસે ગયાં. સૌને સાથે મળી આવતાં જોઈ હાથીભાઈને નવાઈ લાગી. તેમણે સૌને આવકારતાં પૂછ્યું, "બોલો બોલો! આમ સાથે મળીને કેમ આવવાનું થયું? કોઈ મુશ્કેલી તો નથી ને?"

ઝમકું ખિસકોલી અને સ્વીટુ સસલાએ હાથીભાઈને માંડીને બધી વાત કરી. હાથીભાઈએ સૌને શાંતિથી સાંભળ્યા ને કહ્યું, "હંમમમ.... તમે જરાય ચિંતા ન કરશો. એ મીન્ટુ અને એની ટોળકીને આપણે જરૂર પાઠ ભણાવીશું. હું કંઈક યુક્તિ વિચારું છું. હું જરૂર ત્યાં આવીશ." એમની વાત સાંભળી સૌ ખુશખુશ થઈ ગયા. હાથીભાઈએ હાથ લંબાવતા સૌ રાજીના રેડ થઈ પાછા ફર્યા.

બીજે દિવસે હાથીભાઈ મોટો થેલો સૂંઢમાં ભરવી ધબધબ કરતા ઊપડ્યા. સૌ એમની રાહ જોતા હતા. એમને આવતા જોઈ સૌ રાજીરાજી થઈ ગયા. મીન્ટુ અને એની ટોળીની ધમાલમસ્તી ચાલુ જ હતી. હાથીભાઈ શું લઈને આવ્યા? શું યુક્તિ કરશે? સૌને એની આતુરતા હતી. એમાંય એમની સૂંઢમાં મોટો થેલો ભરાવેલો જોઈ સૌને આશ્ચર્ય થયું.

હાથીભાઈને જોઈ મીન્ટુ અને એની ટોળી સહેજ ગભરાઈ. હાથીભાઈએ આવીને સૌ સમક્ષ થેલો ખોલ્યો. જોયું તો તેમાં ફટાકડા હતા. સૌને બધું સમજાઈ ગયું. સૌએ ફટાફ્ટ ફટાકડા લઈ લીધા ને ફોડવા લાગ્યા. 'ફટાક ધડમ ધૂમધૂમ... ફટાક ધડમ ધૂમધૂમ' ફટાકડા ફૂટવા લાગ્યા. મીન્ટુ અને એની ટોળી ગભરાઈ ને ત્યાંથી ઊભી પૂંછડીએ નાસી છૂટી. હવે સૌને ઉપાય જડી ગયો.

મીન્ટુ અને એની ટોળીને ભાગતી જોઈ સૌમાં આનંદની લહેર વ્યાપી ગઈ. સૌએ હાથીભાઈનો આભાર માન્યો.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

સાંસદ સહિત જિલ્લાનાં તમામ ધારાસભ્યોની વિશેષ ઉપસ્થિતિ

# અમરેલીમાં આજે 'સ્વચ્છ ભારત દિવસ'ની ઉજવણી અંગે પ્રધાનમંત્રીનું લાઈવ પ્રસારણ

**કાર્યક્રમમાં પધારવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નિમંત્રણ પાઠવાયું**

અમરેલી, તા.૦૧

સમગ્ર દેશમાં આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતિની ઉજવણી થનાર છે ત્યારે આજે ગાંધી જયંતિ એટલે કે, ૨ ઓકટોબરનાં રોજ સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ-શહેરી) અંતર્ગત હાલ ચાલી રહેલ 'સ્વચ્છતા હી સેવા'ની મુખ્ય થીમ 'સ્વભાવ સ્વચ્છતા-સંસ્કાર સ્વચ્છતા' ને ચરિતાર્થ કરવા સ્વચ્છ ભારત દિવસની ઉજવણી થનાર છે ત્યારે પ્રધાનમંત્રીનું લાઈવ પ્રસારણ આજે તા.૨ને બુધવારનાં રોજ સવારે ૯:૦૦ કલાકે



બીએપીએસ સ્વામિનારાયણ હોલ, પ્રમુખ વાટિકા અમરેલી ખાતે થશે. આ કાર્યક્રમનાં અધ્યક્ષ તરીકે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા રહેશે. ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. તેમજ ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, હિરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા અને જનકભાઈ તળાવીયા તેમજ પાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી વિશેષ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં પધારવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અમરેલી કુંકાવાવ તાલુકાના ૧૩ ગામો માટે ૧૩.૫૦ કરોડનાં વિકાસકામોની ફાળવણી કરાઈ

**ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ મુખ્યમંત્રીને કરેલી રજૂઆત રંગ લાવી**

અમરેલી,તા.૦૧

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ રાજય સરકારને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે રજૂઆતો કરવામાં આવેલ હતી. જેમાં જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓ અને સુવિધાપથના વિવિધ ગામોના વિકાસકામો બાબતે ધારાસભ્યએ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરતા કુલ ૧૩ ગામના



૧૩ કરોડ ૫૦ લાખના કામોને મંજૂરી આપી દીધી છે. જેમાં ગીરીયાપરા એપ્રોચ રોડ ૨ કરોડ, કેરીયાચાડ એપ્રોચ રોડ ૪૦ લાખ, શંભુપરા એપ્રોચ સુવિધાપથ ૩૦ લાખ, સોનારીયા સુવિધાપથ ૪૫ લાખ, જાળીયા સુવિધાપથ ૨ કરોડ ૧૦ લાખ, મેડી સુવિધાપથ ૮૫ લાખ, તરવડા સુવિધાપથ ૯૦ લાખ, બાબાપુર સુવિધાપથ ૧ કરોડ ૯૫ લાખ, સરંભડા વિલેજ પોર્શન ૬૦ લાખ, મોટા માંડવા વિલેજ પોર્શન ૫૫ લાખ, પ્રતાપપરા એપ્રોચ રોડ ૨ કરોડ ૩૦ લાખ, ખજુરી રણુજાધામ રોડ ૨૫ લાખ, અને ખજુરી પ્રાથમિક શાળાથી મેઘાપીપળીયા રોડ સુધી રોડ ૮૫ લાખ એ કુલ ૧૩ કામો મળીને રૂપિયા ૧૩ કરોડ ૫૦ લાખના કામો મંજૂર કરવામાં આવેલ છે. આ સફળ કામગીરી બદલ આજુબાજુના વિસ્તાર અને ગામના લોકોએ ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને આભાર વ્યકત કર્યો છે.

# માહી ડેરી દ્વારા વાંશીયાળી ગામની શાળામાં બાળ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૦૧

માહી ડેરી દ્વારા તા.૩૦ ના રોજ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વાંશીયાળી ગામની પ્રાથમિક શાળામાં કાર્યક્રમયોજવામાં આવેલ. આ કાર્યક્રમ અંતર્ગત શાળાનાં ધોરણ ૫ થી ૮માં અભ્યાસ કરતા ૯૮ બાળકોને આહારમાં દૂધનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતું. બાળકોને દૂધનું બંધારણ સમજાવી તેમાંથી મળતા પોષક તત્વો અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત, નિયમિત દૂધ પીવાથી થતા ફાયદા અંગે પણ બાળકોને માહિતી આપવામાં આવી હતી.

માહી ડેરી દ્વારા બાળકોને કોયડા, દોરડા ખેંચ વગેરે જેવી રમતો રમાડી તેના દ્વારા બાળકોને પરસ્પર સહકારની ભાવનાનું મહત્વ સુંદર રીતે સમજાવવામાં આવ્યુ હતું.




આ ઉપરાંત, ભારત સરકાર સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જીવનમાં સ્વચ્છતાના મહત્વ વિશે ઉંડાણપૂર્વક તલસ્પર્શી જાણકારી આપવામાં આવી હતી. માહી ડેરી દ્વારા જે બાળકોના માતા-પિતા દૂધનો વ્યવસાય કરે છે તેમના બાળકો પણ દૂધના વ્યવસાય સાથે જોડાયેલ રહે તે માટે જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પ્લાસ્ટિકનો જીવનમાં વપરાશ ઘટાડવા સંદર્ભે પણ જરૂરી માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ બાળકોને ડેરી દ્વારા પ્રોત્સાહન ભેટરૂપે સ્કૂલબેગ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં માહી ડેરીના અમરેલી જિલ્લા ઈન્ચાર્જ ગૌરવ જોષી, સુરેશભાઈ મોરી, પ્રકાશ ગજેરા, પ્રકાશ સોલંકી, ઉર્વશીબેન કાથરોટીયા વગેરેએ ઉપસ્થિત રહી બાળકોને માર્ગદર્શન આપ્યુ હતું. આ પ્રસંગે વાંશીયાળી શાળાના આચાર્ય ચેતનભાઈ ભીમાણી, માહી ડેરીના સહાયક રમેશભાઈ અને શિવરાજભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વાંશીયાળી પ્રાથમિક શાળાના શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# આજે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા પોરબંદર ખાતે વિવિધ કાર્યક્રમો આપશે

અમરેલી,તા.૦૧

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે પોરબંદર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા પોરબંદરના પ્રવાસે આવનાર છે. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારત અભિયાન સાથે જોડાઈને પ ોરબંદર ખાતે દરિયાકિનારા ખાતે સફાઈ અભિયાનમાં સવારે ૬ વાગ્યે ભાગ લેશે. ત્યારબાદ તેઓ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે સવારે ૮ વાગ્યે કીર્તિ મંદિર ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પણ કરશે તથા પ્રાર્થના સભામાં ભાગ લેશે. કિર્તીમંદિર બાદ સુદામા ચોક ખાતે સવારે ૯ વાગ્યે શ્રમદાન કાર્યક્રમમાં ભાગ લઈ સ્વચ્છતા અભિયાનમાં ફાળો આપ શે. સવારે ૦૯:૩૦ વાગ્યે બિરલા



હોલ, પોરબંદર ખાતે મુખ્યમંત્રીના કાર્યક્રમમાં હાજરી આપશે. સવારે ૧૧ વાગ્યે કેન્દ્રીય મંત્રી માંડવિયા ખાદીભંડાર ખાતે મુલાકાત લેશે અને ખાદીની ખરીદી કરશે. ત્યાંથી કમલાબાગ ખાતે નવી વ્યાયામશાળાનું લોકાર્પણ કર્યા બાદ કમલાબાગ ખાતે આવેલ નવીન ઈ-પોલીસચોકીની મુલાકાત લેશે. બપોરે ૨ વાગ્યે મનસુખ માંડવિયા કુતિયાણા ખાતે આવેલ ખાગેશ્રી ગામમાં નવીન પી.એચ.સી.નું લોકાપ ર્ણ અને ગ્રામસભાને સંબોધન કરશે અને બ્લડ ડોનેશન કેમ્પ ખાતે હાજરી આપશે.

# ખેડૂતોના પ્રશ્ને ભેંસાણ ગ્રામ પંચાયત આજે ગ્રામસભાનો બહિષ્કાર કરશે

અમરેલી, તા.૦૧

લીલીયા તાલુકાની ભેંસાણ ગ્રામ પંચાયત દ્વારા ખેડૂતોનાં પ્રશ્ને આજે યોજાનારી ગ્રામસભાનો બહિષ્કાર કરવાની જાહેરાત કરતા વહિવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. લીલીયા તાલુકાનાં ભેંસાણ ગ્રામ પંચાયતે જિલ્લા વહીવટી તંત્રને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે, અમારા ગામમાં આવેલ ગાગડીયો નદીમાં બાંધવામાં આવેલ બંધારાનાં કારણે કેડીયા જવાના માર્ગ પર પાણી ભરાવાના કારણે બંધ થયેલ છે. આથી ખેડૂતો પોતાના ખેતરે જઈ શકતા નથી. તેમજ ખેતરે વાહનો લઈ જવામાં પણ ખૂબ જ મુશ્કેલી પડે છે. રસ્તામાં કેડ ઉપર સુધીનું પાણી હોવાથી ચાલવામાં પણ ભારે મુશ્કેલી પડે છે. ખેડૂતોને ખેતરે જવા આ માર્ગ સિવાય બીજો કોઈ માર્ગ નથી આ બાબતે અવારનવાર રજૂઆત કરવા છતાં વહીવટી તંત્ર દ્વારા કોઈ નિરાકરણ આવતું નથી. જેથી ભેંસાણ ગ્રામ પંચાયતનાં સદસ્યો, તાલુકા પંચાયતનાં સદસ્યો અને ગ્રામજનો આજે તા. ૨નાં રોજ યોજાનારી ગ્રામસભાનો બહિષ્કાર કરીએ છીએ. તેમ સરપંચ અશ્મિતાબેન વિક્રમભાઈની યાદીમાં જણાવાયું છે. તેમજ જો અમારા પ્રશ્નનું નિરાકરણ નહી આવે તો આગામી તા.૪ ઓકટો.ના રોજ સમસ્ત ગ્રામજનો જળસમાધિ લેશે.

# ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપમાં ભાગ લેવા માટે તા. ૧૫ સુધીમાં અરજી કરવી


અમરેલી, તા.૦૧

અમરેલી દ્વારા ૦૬ થી ૧૪ વર્ષ સુધીના વયજૂથના વિદ્યાર્થીઓ માટે જિલ્લા કક્ષાના ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન થશે. અરજી ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી અમરેલી કચેરીનાં બ્લોગ એડ્રેસ dydoamreli.blogspot.com પરથી અથવા કચેરી પરથી રુબરુ મેળવી શકાશે. વિદ્યાર્થીએ પોતાની અરજી તૈયાર કરી ઉંમર આધાર પુરાવા(આધાર કાર્ડ/જન્મ તારીખનો દાખલો) પોતાનું નામ સરનામું, મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈ.ડી વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે. આ અરજીઓ તા.૧૫ ઓક્ટોબર બપોરના ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, બ્લોક-સી, રુમ નં-૧૧૦/૧૧૧, પ્રથમ માળે, અમરેલીને મોકલવી.


## નશાબંધી અને આબકારી કચેરી, ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૦-૨૦૨૪ થી તા. ૦૮-૧૦-૨૦૨૪ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર | વિકસિત ભારત વિકસિત ગુજરાત



દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દિવાનાપણું, વ્યભિચાર, જુગાર વગેરે આવે છે. જો આપણે દારૂની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને એક જેલમાંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. દારૂડિયાથી સંયમ ન જાળવી શકાય એ કોનાથી અજાણ્યું છે ? એટલે મારી ઉમેદ છે કે વિવેકથી, પશુબળ વાપર્યા સિવાય, સમજણથી 'દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયત્ન દરેક માણસ કરે'

-મહાત્મા ગાંધી

### સંદેશો

I am happy to learn that the Government of Gujarat is celebrating **'Prohibition Week' from 2nd to 8th October, 2024.** This initiative aligns perfectly with Mahatma Gandhi's vision, who considered alcoholism a disease rather than a vice and aptly described it as a 'monstrous evil'.

The consequences of alcoholism are far-reaching, affecting not only physical health but also mental well-being and often leading to various social problems. It's commendable that the Gujarat government is taking proactive steps to raise awareness about the detrimental effects of alcohol consumption through this campaign. Your efforts will undoubtedly inspire positive change and promote a healthier society.

On this occasion, I extend my greetings and felicitations to all those associated with the mission and wish the **'Prohibition Week'** all success.

**Smt. Droupadi Murmu**
**PRESIDENT, REPUBLIC OF INDIA**

Sincere appreciation for your efforts in organising **"Prohibition Week"** in Gujarat from October 02 to 08, 2024. This initiative aligns perfectly with the state's commitment to a healthier, safer, and more prosperous society.

As we commemorate Mahatma Gandhi Ji's 154th birth anniversary, this 'Prohibition Week' assumes even greater significance as a powerful reminder of his unwavering dedication to social justice and the well-being of all citizens. Your continued dedication to strengthening the prohibition policy and raising public awareness on the same is truly commendable.

I extend my best wishes for the success of this initiative. May it contribute meaningfully towards enhancing the quality of life for the people of Gujarat.

**Jagdeep Dhankhar**
**VICE-PRESIDENT, REPUBLIC OF INDIA**

ગુજરાત સરકાર દ્વારા **૦૨-૦૮ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન 'નશાબંધી સપ્તાહ'** મનાવાઇ રહ્યું છે તે લોકજાગૃતિ માટેનું યોગ્ય કદમ છે.

કોઈ પણ પ્રકારનો નશો કે વ્યસન સમાજ અને દેશ માટે હાનિકારક છે. તે માત્ર શારીરિક, માનસિક કે આર્થિક જ નહિ, સામાજિક દ્રષ્ટિએ પણ વ્યક્તિને પાયમાલ કરે છે. આવા નશાથી દુર રહેવું એ જ એનાથી બચવાનો ઉપાય છે.

ગુજરાત રાજ્ય સ્થાપના કાળથી જ સંપૂર્ણ નશાબંધીની નીતિ પર ચાલતું આવ્યું છે. પ્રજાની સુખાકારી, સામાજિક સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિના ફળદાયી પરિણામના અનેક કારણોમાંનું એક કારણ નશાબંધી છે. સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક તથા સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી નશાબંધી અભિયાન વધુ વ્યાપક બને એવી અપેક્ષા.

ગુજરાત સરકાર દ્વારા આરંભાયેલી **નશાબંધી ઝુંબેશ** વધુ અસરકારક નીવડે એવી શુભકામના.

**નરેન્દ્રભાઈ મોદી**
**વડાપ્રધાનશ્રી, ભારત**

I am pleased to learn that the Government of Gujarat is observing **"Prohibition Week"** commencing on October 2nd, the birth anniversary of Mahatma Gandhi.

Prohibition Week is a befitting tribute to Mahatma Gandhi's vision of a society free from the harmful effects of intoxicants. It aligns with Article 47 of the Constitution of India in the Directive Principles of State Policy, which directs the State to strive for the prohibition of intoxicating drinks and drugs, which are injurious to health to enhance public health and improve living standards.

By raising awareness about the detrimental impact of intoxicants and promoting the benefits of prohibition, "Prohibition Week" facilitates meaningful dialogue and encourages individuals to avoid harmful substances, thereby contributing to the enhancement of public health.

I extend my best wishes for the success of **"Prohibition Week"** hoping it will be a significant step toward a healthier and more enlightened society.

**Om Birla**
**SPEAKER, LOK SABHA, INDIA**

मुझे यह जानकर प्रसन्नता हो रही है कि हर वर्ष की भांति इस वर्ष भी राज्य सरकार ने **२ अक्टूबर से ८ अक्टूबर, २०२४** तक राष्ट्रपिता महात्मा गांधी जी की जन्म-जयंती के अवसर पर पूरे राज्य में **"नशाबंदी सप्ताह"** मनाने का निर्णय लिया है।

नशीले प्रदार्थों के सेवन से होने वाले घातक दुष्परिणामों से लोगों को अवगत कराना और नशामुक्ति के प्रति समाज को जागरूक करना **"नशाबंदी सप्ताह"** का मुख्य उद्देश्य है। मेरा मानना है कि नशे की बुराई को खत्म करने की दिशा में ईमानदारी और केंद्रित प्रयासों के जरिये ही नशाबंदी के लक्ष्य को हासिल किया जा सकता है।

सत्य और अहिंसा के महान दूत महात्मा गांधी जी नशाबंदी के प्रबल समर्थक थे। उनका मानना था कि ईमानदारी तथा निष्ठापूर्वक नशाबंदी का अनुपालन समाज के गरीब और कमज़ोर वर्गों के जीवन को उज्जवल और उत्तम बनाने का काम कर सकता है।

मैं गुजरात सरकार के नशामुक्त समाज के निर्माण के दृढ़ संकल्प की सराहना करता हूँ, क्योंकि राज्य में नशाबंदी नीति के सख्त क्रियान्वयन के कारण ही आज गुजरात राज्य शांतिपूर्ण, सुरक्षित, खुशहाल और एक समृद्ध राज्य के रूप में देश भर में अग्रिम स्थान पर है।

मुझे पूर्ण विश्वास है कि राज्य सरकार जनशक्ति को प्रेरित करके **"नशाबंदी सप्ताह"** जैसे विभिन्न प्रयासों से नशाबंदी को राज्य में पूर्ण रूप से सार्थक करेगी, जो वास्तव में राष्ट्रपिता महात्मा गांधी जी के प्रति हमारी सच्ची श्रद्धांजलि होगी।

आइए! हम जन जागरूकता के प्रत्येक प्रयास में अपना योगदान दें और स्वस्थ एवं नशामुक्त समाज का निर्माण करें।

**आचार्य देवव्रतजी**
**राज्यपालश्री, गुजरात राज्य**

ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. આ વ્યસનને સ્વ- પ્રસન્નતા માટે શરૂ કરવામાં આવે છે અને ત્યાગ અથવા અટકાવ માટે પૂરતી ઇચ્છાશક્તિના અભાવને કારણે તેને ચાલુ રખાય છે. વ્યસનનો અતિરેક માણસના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. **નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.**

ગુજરાતની સ્થાપનાથી જ **રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે.** ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. નશાબંધી અને આબકારી ખાતા દ્વારા **મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ ઓક્ટોબરથી તા. ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે,** તેનું આયોજન અભિનંદનીય છે. ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળકટ બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

નશોએ પાપનું મૂળ છે, માણસના જીવનમાં નશાના કારણે ઘણા દુષણો આવે છે. માણસ શારીરિક, માનસિક અને આર્થિક રીતે પાયમાલ થાય છે. તેનું કુટુંબ જીવન અને સામાજીક જીવન પણ બરબાદ થાય છે. દરેક બાળક એવું ઇચ્છે કે, તેના માતાપિતાનું તેને ગર્વ હોય, એક વ્યસની પિતા પોતાના બાળકને શું સંસ્કાર આપી શકે? તે પોતાની પત્નિના કોડ કેવી રીતે પુરા કરી શકે? નશો કર્યા પછી માણસ પશુ સમાન બની જાય છે. તેને સારા-નરસાનું ભાન રહેતું નથી.

ગુટકા, ધુમ્રપાન, દારૂ, ડ્રગ્સ જેવા વ્યસનને કારણે આજે દેશનું યુવાધન બરબાદ થઇ રહ્યુ છે ત્યારે **રાજ્યનું નશાબંધી અને આબકારી ખાતુ તા.૦૨/૧૦/૨૦૨૪ થી તા.૦૮/૧૦/૨૦૨૪ દરમ્યાન નશાબંધી સપ્તાહની ઉજવણી કરી રહ્યું છે** તે જાણીને હું આનંદ અનુભવું છું. માત્ર કાયદો જ નશાબંધી કરી શકવાનો નથી. આવો, આપણે સૌ સાથે મળી સ્વયં સંકલ્પ કરી નશો ન કરવા કે કોઇ નશો કરતું હોય તો તેને નશામુક્ત થવાની પ્રેરણા આપીએ અને ગુજરાતને સાચા અર્થમાં નશામુકત કરીએ.

સરકારશ્રીનો આ વિભાગ ફક્ત સપ્તાહની ઉજવણી કરીને સંતોષ નહી માને પરંતુ હંમેશા લોકો નશાથી મુક્ત રહે તેવા પ્રયત્નો કરતો રહેશે. આ પ્રસંગે નશાબંધી અને આબકારી ખાતાને મારી હાર્દિક શુભકામના પાઠવું છું.

**હર્ષભાઈ સંઘવી**
**રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

# સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ગામે ૩૦ વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનીંગની અસર

સાવરકુંડલા, તા.૦૧


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામે આવેલા શિવકુમારી આશ્રમમાં બાળકોએ બપોરે ભોજન કર્યા બાદ અચાનક જ ૩૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉલટીની અસર થતાં તાત્કાલિક ૨૦ જેટલા વિદ્યાર્થીઓને ગામમાં આવેલા પી.એચ.સી. સેન્ટર ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા. પીએચસીનાં ડોકટર અને સ્ટાફ દ્વારા બાળકોની તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી હતી. ૧૦ બાળકોને સાધારણ અસર થતાં તેઓને આશ્રમ ખાતે જ સારવાર આપવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં સાવરકુંડલા તાલુકા પોલીસ આવી પહોંચી હતી અને બપોરની રસોઈનાં નમૂના લીધા હતા. આશ્રમનાં સંચાલિકાનાં જણાવ્યા મુજબ ૧૧૦ બાળકોમાંથી ૩૦ બાળકોને જ ફૂડ પોઈઝનીંગની અસર થઈ હતી. ત્રણ બાળકોને વધુ સારવાર માટે સા.કુંડલા ખસેડવામાં આવ્યાં હતા.













